RNI No.: GUJGUJ/2014/59295

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 187* Date: 05.05.2020 * Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૪૨,૫૦૦ને પાર,મૃત્યુઆંક ૧૩૭૩એ પહોંચ્યો

લૉકડાઉન છતાં ભારતમાં કોરોનાથી દર કલાકે ત્રણના મોત

ન્યુ દિલ્હી,તા.૪

૨૧મી સદીના બીજા દસકાના આરંભે જ દુનિયામાં ફેલાયેલા કોરોના મહામારી ચેપી રોગના ભરડામાં ભારત પણ છે. ભારતમાં આજે ૪ મેથી લોકડાઉન-૩નો આરંભ થયો છે. જે ૧૭મે સુધી રહેશે. લોકડાઉનના ત્રીજા તબક્કામાં સરકારે કેટલીક છૂટછાટ ઓરેન્જ અને ગ્રીન ઝોનવાળા વિસ્તારમાં આપી છે. જેથી લોકડાઉનમાં ઠપ્પ અર્થતંત્ર ધીમે ધીમે ધબકતુ થઇ રહ્યું છે. જ્યાં દારૂબંધી નથી એવા રાજ્યોમાં દિલ્હી સહિત ત્યાં, સોમવારથી કેટલાક નિયમો સાથે ફરીથી શરાબની દુકાનો શરૂ થતાં ખરીદનારાઓની એક-એક કિ.મી. લાંબી લાઇનો લાગી હતી. ક્યાંક પોલીસનમે હળવો લાઠીચાર્જ કરવો પડ્યો હતો. જ્યારે, પોતાના વતન

જવા માંગતા શ્રમિકો માટે રેલવે દ્વારા ૧૫ ટકા ટોકન ભાડુ વસૂલીને ટ્રેનો દોડાવવામાં આવી રહી છે. જો કે વિપક્ષ કોંગ્રેસે સત્તાપક્ષને મ્હાત કરવા અને કેન્દ્ર સરકારને ખાસ કરીને રેલવેને ક્ષોભજનક સ્થિતિમાં મૂકીને આ શ્રમિકોનું રેલ ભાડુ પોતે આપવાની જાહેરાત કરતાં રાજકિય ગરમાવો આવી ગયો હતો. તો બીજી તરફ કોરોનાના પોઝીટીવ કેસો ભારતમાં ઓછા થવાનું નામ લેતા નથી. છેલ્લાં ૨૪ કલાકમાં ૨,૫૫૩ નવા કેસો ઉમેરાયા તો દર કલાકે ઉના દરે છેલ્લાં ૨૪ કલાકમાં ૭૨ લોકો કોરોનામાં માર્યા ગયા છે. ગઇકાલે ૮૩ લોકો માર્યા ગયા હતા. જો કે તેની સાથે ૧૧ હજાર કરતાં વધુ દર્દીઓ કોરોનામાં સાજા પણ થયા છે. વીતેલા ત્રણ દિવસમાં કેસની સંખ્યા વધીને ૪૨ હજારન પાર થઈ ગઈ છે. આ ત્રણ દિવસોમાં ૭,૬૮૦ કેસ સામે આવ્યા છે. દેશમાં એક મહિના કરતાં પણ વધુ સમયથી લાગુ લૉકડાઉન છતાં કોરોના વાયરસનો કાળો કેર શમતો નથી. સોમવારે કેન્દ્રીય આરોગ્ય તેમજ પરિવાર કલ્યાણ મંત્રાલયે માહિતી આપતા જણાવ્યુ કે છેલ્લા ૨૪ કલાક દરમિયાન જ કોરોના વાયરસના ૨૫૫૩ નવા કેસ સામે આવ્યા છે. આ નવા કેસ બાદ કોરોના વાયરસના સંક્રમિત દર્દીઓની સંખ્યા વધીને ૪૨,૫૩૩ થઈ ગઈ છે. વળી, છેલ્લા માત્ર ૨૪ કલાકમાં કોરોના વાયરસ ૭૨ લોકોનો જીવ લઈ ચૂક્યુ છે

દરમ્યન, કેન્દ્રીય મંત્રી ડૉ.હર્ષવર્ધનના જણાવ્યાં પ્રમાણે, દેશમાં કોરોનાના કેસોનો ડબલિંગ રેટ ૩ દિવસનો હતો જે ૧૨ દિવસનો થઈ ગયો છે. ૧૧૦૦૦થી વધુ લોકો રિકવર થઈ ગયા છે બાકી બધા લોકો રિકવરી પર છે. મૃત્યુ દર દુનિયામાં સૌથી ઓછો છે માત્ર ૩%. રોજ ભારતમાં ૭૫૦૦૦ ટેસ્ટ કરવામાં આવી રહ્યા છેઃ

કેન્દ્રીય આરોગ્ય તેમજ પરિવાર કલ્યાણ મંત્રાલય મુજબ અત્યાર સુધી કોરોના વાયરસના કારણે ૧૩૭૩ લોકોના મોત થઈ ચૂક્યા છે. જો કે રાહતની વાત એ છે કે કોરોના વાયરસથી સંક્રમિત ૧૧૭૦૭ દર્દી અત્યાર સુધી સાજા પણ થયા છે. આ આંકડા અનુસાર, દેશમાં હવે કોરોના વાયરસના એક્ટિવ કેસ ૨૯૪૫૩ છે. નોંધનીય છે કે, કોરોનાના સતત વધી રહેલા ચેપી રોગને જોતા દેશમાં લૉકડાઉનનો ત્રીજો તબક્કો લાગુ કરવામાં આવ્યો છે જે ૪ મેથી ૧૭ મે સુધી માટે રહેશે.

દેશમાં હાલની સ્થિતિમાં મહારાષ્ટ્ર કોરોના વાઈરસના સંક્રમિતોની સૌથી વધુ સંખ્યા વાળું રાજ્ય છે. મહારાષ્ટ્રમાં અત્યાર સુધી કુલ ૧૨,૯૭૪ લોકો સંક્રમિત છે. બીજા ક્રમે ગુજરાત છે જ્યાં સંક્રમિતોનો આંકડો પાંચ હજારને પાર કરી ગયો છે. રાજધાની દિલ્હી હાલ ૪,૫૪૯ સંક્રમિતો સાથે ત્રીજા ક્રમે છે.દિલ્હીમાં BSFના વધુ ૨૫ જવાન સંક્રમિત મળ્યા છે એમ કહીને સૂત્રોએ વધુમાં જણાવ્યું કેદિલ્હીની જામા મસ્જિદ પાસે તહેનાત બીએસએફના ૨૫ જવાન કોરોના સંક્રમિત મળી આવ્યા છે. દિલ્હીમાં અત્યાર સુધી ૪૨ અને ત્રિપુરામાં ૧૨ BSF જવાન કોરોનાના સંકજામાં આવી ચુક્યા છે. સાથે જ CRPF મુખ્યાલયનો એક ડ્રાઈવર પણ સંક્રમિત છે. મુખ્યાલયને સેનેટાઈઝ કરાઈ રહ્યું છે. CRPFના ૧૩૫ જવાન પહેલાથી પોઝિટિવ છે.

ડિસેમ્બર સુધી અમે કોરોનાની રસી તૈયાર કરી લઈશુઃ ટ્રમ્પ

વોશિંગ્ટન,તા.૪

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે, ડિસેમ્બર સુધી કોરોનાની વૈક્સીન તૈયાર કરવામાં આવશે. તેમણે એક ચેનલના કાર્યક્રમમાં રવિવારે આ વાત જણાવી હતી. ટ્રમ્પે જણાવ્યું કે, અમે વહેલી તકે વૈક્સીન તૈયાર કરી લઈશું. જે આ વર્ષના અંત સુધી ઉપલબ્ધ થઈ શકે છે. જેના માટે અમે તમામ પ્રયાસ કરી રહ્યા છે. અમે સપ્લાઈ લાઈન તૈયાર કરી રહ્યા છે એટલું જ નહીં અમારી પાસે ફાઈનલ વૈક્સીન પણ તૈયાર છે. તેમણે જોનસન એન્ડ જોનસનનું નામ લઈને જણાવ્યું કે, અનેક ફાર્માસ્યૂટિરલ કંપનીઓ વૈક્સીન તૈયાર કરવાની ખૂબ જ નજીક છે.

ટ્રમ્પે જણાવ્યું કે, દેશમાં મૃત્યુઆંક પહેલાના અંદાજ કરતા વધારે હોઈ શકે છે. દેશમાં મૃત્યુઆંક ૭૫ હજાર અથવા એક લાખને પાર થઈ શકે છે. આ ભયાવહ છે આ બીમારીથી એક પણ વ્યક્તિનું મોત થવું જોઈએ નહીં. એક અઠવાડિયા પહેલા કોરોનાથી લગભગ ૬૦ હજાર લોકોના મોતનો અંદાજ વ્યક્ત કર્યો હતો જો કે અમેરિકામાં અત્યાર સુધી ૬૮ હજારથી વધારે લોકોના મોત થયા છે.

અમેરિકાની નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ઓફ એલર્જી એન્ડ ઈન્ફેક્શિયસ ડિસીઝના ડિરેક્ટર ડૉ. એન્થની ફોસીએ હાલમાં જણાવ્યું હતું કે, વૈક્સીન આગામી જાન્યુઆરી સુધી તૈયાર થઈ શકે છે. આવું ત્યારે જ થશે જ્યારે કંપનીઓ પૂરી તપાસ અને મંજૂરીથી પહેલા જ ઉત્પાદન શરૂ કરવા માટે તૈયાર હોય. સ્વાસ્થ્ય અધિકારીઓએ જણાવ્યું છે કે, કોરોનાની વૈક્સીન તૈયાર થવામાં ૧૮ મહિનાનો સમય લાગશે. સામાન્ય રીતે એક વૈક્સીન તૈયાર કરવા અને તેને બજારમાં લાવવામાં એક વર્ષનો સમય લાગશે.અમેરિકાના વિદેશ સચિવ માઇક પોમ્પિયોએ જબરદસ્ત મોટો દાવો કરતા કહ્યું કે એ વાતના અમારી પાસે પૂરતા પુરાવા છે કે કોરોના વાયરસ ચીનના વુહાનની લેબમાં જ પેદા થયો હતો. ન્યૂજ ચેનલ એબીસીના 'દિસ વીક' શોમાં પોમ્પિયોએ આ દાવો કર્યો. તેમણે વાયરસ સામે લડવાના ચીનના વલણની પણ આલોચના કરી. જો કે તેમણે એ વાતનો કોઈ જવાબ આપ્યો નથી કે શું વાયરસને જાણીજોઈને છોડવામાં આવ્યો હતો.

નિફ્ટી ૫૬૬ અંક ઘટી ૯૨૯૩ની સપાટીએ બંધ

સપ્તાહના પ્રથમ દિવસે જ સેન્સેક્સમાં ૨૦૦૦ પોઈન્ટનો કડાકો

મુંબઇ,તા.૪

સપ્તાહના પ્રથમ દિવસે સેન્સેક્સ ૨૦૦૨ અંક ઘટીને ૩૧૭૧૫ પર બંધ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૫૬૬ અંક ઘટીને ૯૨૯૩ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સ પર ટાટા સ્ટીલ, ઈન્ડસઈન્ડ બેંક, બજાજ ફાઈનાન્સ, આઈસીઆઈસીઆઈ બેંક અને ટેક મહિન્દ્રા સહિતના શેરમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. ટાટા સ્ટીલ ૮.૧૮ ટકા ઘટી ૨૭૪.૦૫ પર કારોબાર કરી રહ્યો છે. ઈન્ડસઈન્ડ બેંક ૮.૦૨ ટકા ઘટી ૪૩૦.૪૫ પર કારોબાર કરી રહ્યો છે. જ્યારે બજાજ ફાઈનાન્સ ૭.૪૯ ટકા ઘટીને ૨૧૪૩.૫૦ પર કારોબાર કરી રહ્યો છે. ટેક મહિન્દ્રા ૭.૬૧ ટકા ઘટીને ૫૦૪.૫૫ પર

કારોબાર કરી રહ્યો છે. જોકે સનફાર્મા ૧.૫૨ ટકા વધી ૪૭૧.૯૦ પર કારોબાર કરી રહ્યો છે.

આ સિવાય બેંક નિફ્ટી પણ ૧,૭૯૦ પોઈન્ટના કડાકા સાથે ૧૯,૭૪૩ નજીક બંધ આવ્યો છે. બીએસઈ પણ મીડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સ અનુક્રમે ૪.૨૫ ટકા અને ૩.૧૪ ટકા પટકાઈને બંધ આવ્યા છે. આજે સેક્ટોરિયલ ઈન્ડેક્સની વાત કરીએ ઓટો, ફાઈનાન્શિયલ સર્વિસેઝ, એફએમસીજી, આઈટી, મીડિયા, મેટલ, રિયલિટી, પીએસયૂ બેંક, પાઈવેટ બેંકના સ્ટોક ગગડીને સેટલ થયા છે.

ઉલ્લેખનીય છે કે મોદી સરકારે દેશમાં લોકડાઉનને બે સપ્તાહ આગળ વધારીને ૧૭ મે સુધી કરી દીધું છે. જેની અસર આજે માર્કેટ પર જોવા મળી. આજે માર્કેટની શરૂઆતમાં જબરદસ્ત વેચવાલી જોવા મળી જેના કારણે માત્ર ગણતરીની મિનિટોમાં રોકાણકારોના લગભગ ૫.૧૫ લાખ કરોડ રૂપિયા ધોવાયા હતા. આજે કુલ ૫૬૭ સ્ક્રીપમાં સુધારો, ૧૮૧૭ સ્ક્રીપમાં મંદી અને ૧૭૯ સ્ક્રીપમાં કોઈ ફેરફાર જોવા મળ્યો નહોતો.

શુક્રવારે ૧ મેના રોજ વિશ્વના મોટા ભાગના બજારો ઘટાડા સાથે બંધ થયા હતા. અમેરિકાનું બજાર ડાઉ જોન્સ ૨.૫૫ ટકા ઘટાડા સાથે ૬૨૨.૦૩ અંક ઘટી ૨૩,૭૨૩.૭૦ પર બંધ થયું હતું. જ્યારે અમેરિકાનું બજાર નેસ્ડેક ૩.૨૦ ટકાના ઘટાડા સાથે ૨૮૪.૬૦ અંક ઘટી ૮,૬૦૪.૯૫ પર બંધ થયું હતું. બીજી તરફ એસએન્ડપી ૨.૮૧ ટકા ઘટાડા સાથે ૮૧.૭૨ અંક ઘટી ૨૮૩૦.૭૧ પર બંધ થયો હતો. જોકે ચીનનો શંઘાઈ કમ્પોઝિટ નો પ્રોફિટ-નો લોસમાં રહ્યો હતો. બીજી તરફ ફ્રાન્સ, ઈટલી, જર્મનીના બજાર પણ ઘટાડા સાથે બંધ થયા હતા.

ગાંધીનગરમાં કોરોનાને હરાવવા રાજીવ ગુપ્તાના માર્ગદર્શન હેઠળ ૧૭ મુદ્દાનો એક્શન પ્લાન તૈયાર

ગાંધીનગર,તા.૪

રાજયના પાટનગર ગાંધીનગરને કોરોના રોગચાળામાં રેડઝોન જાહેર કરાયો છે. શરૂઆતમા કેસો ઓછા હતા અને ત્યારબાદ તેને કોરોનામુક્ત જાહેર કરાયું અને એકાએક કેસો વધતા ગાંધીનગર રેડ ઝોનમાં આવી ગયું છે. સરકારે ગાંધીનગરમાં કોરોનાનો સામનો કરવા સિનિયર સનદી અધિકારી અને હાલમાં સરદાર સરોવર નિગમના એમડી અને અધિક મુખ્ય સચિવ રાજીવ ગુપ્તાને જવાબદારી સોંપી છે. ગુપ્તાએ ગાંધીનગર કલેકટર અને અન્ય ઉચ્ચ અધિકારીઓની સાથે ગહન ચર્ચા કરીને ૧૭ મુદ્દાનો એક્શન પ્લાન તૈયાર કર્યો છે.

એક વાતચીતમાં રાજીવ ગુપ્તાએ કહ્યું કે ગાંધીનગરને ઝડપથી કોરોના મુક્ત કરવા માટે પોલીસ અને અને અન્ય વિભાગ સાથે સંયુક્ત આયોજન હાથ ધરવામાં આવ્યું છે. ગાંધીનગરની ગોએંકા સહિત અન્ય કેટલીક હોસ્પિટલો સંપદિત કરવામાં આવી છે. જાણીતી એપોલો હોસ્પિટલમાં કોરોનાની સારવાર માટે દરેક માળ ઉપર એક અલાયદી સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી રહી છે.

કોરોનાના કેસો માટે ટેસ્ટ સેમ્પલ વધારવામાં આવી રહ્યાં છે. આગામી ૩ દિવસમાં સે. ૨૪માં આશરે ૨૫૦૦ ઘરોનું સર્વે હાથ ધરાશે. તેમાંથી સંભવિતનો ટેસ્ટ કરાશે. પોઝીટીવ કેસની ૫૦ મીટરની ત્રિજયામાં રહેતા લોકો વગેરે.,નું પણ ટેસ્ટીંગ કરાશે. અંદાજે ૧૦૦થી ૧૫૦ ટેસ્ટ માત્ર સે. ૨૪માં કરાશે.

તેમણે કહ્યું કે શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં કન્ટેનમેન્ટ ઝોન અને ઔડાને અડીને આવેલા ગુડા વિસ્તારમાં ટેસ્ટીંગ વધારાશે. અંદાજે ૧ હજાર કીટની વ્યવસ્થા થશે. ૨૪ કલાકમાં કેટલા કેસો નોંધાયા તેની નિશાની નકશા પર કરાશે. ઉચ્ચ અધિકારીઓને મોબાઈલ પર જાણકારી અપાશે.

રાજયકક્ષાની જેમ શહેર કક્ષાએ પણ રોજેરોજ કેસોની માહિતી કલેક્ટરે રજૂ કરવાની રહેશે. મિડિયાને અપાશે. ગ્રામ્ય વિસ્તારમાં માસ્ક ફરજિયાત કરાશે. જિલ્લા વિકાસ અધિકારી દરરોજ ૨૦થી ૨૫ સરપંચો સાથે વિડિયો દ્વારા સંપર્ક કરશે.

વડસર એરફોર્સ ખાતે એક કેસ નોંધાતા આ મથકની આરોગ્ય સેવાનો કઇ રીતે ઉપયોગ થાય તેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ઓનલાઇન ફૂડ ડીલીવરીનું પ્રમાણ વધતાં અને ડીલીવરી બોયને કોરોના થતાં જાહેરનામુ બહાર પાડીને હોમ ડિલીવરી સ્થગિત કરવામાં આવી છે.

તેમણે કહ્યું કે લોકોને કોરોના સિવાયના રોગોની સારવાર મળી રહે તે માટે ખાનગી દવાખાના ફરી શરૂ કરાશે. ગાંધીનગરના કોઇ ખાનગી તબીબ કે સ્ટાફને અવરજવર માટે આઇ કાર્ડ પોલીસ દ્વારા અપાશે. ઉપરાંત ખાનગ દવાખાનામાં આવતા દર્દીને તાકીદે કોરોના ટેસ્ટીની જરૂર ઉભી થાય તો ૧થી ૨ કલાકમાં આવો ટેસ્ટ થઇ જાયા અને તરત જ રિપોર્ટ મળે તેવી વ્યવસ્થા ગોઠવાશે.

નવા 376 પોઝિટિવ કેસ નોંધાયા,29 લોકોનાં મોત ,153 લોકોને ડિસ્ચાર્જ કરાયા

- નવા 376 કેસમાંથી અમદાવાદમાં 259,વડોદરા 35,ભાવનગર 21,સુરત 20,ગાંધીનગર-પંચમહાલ 7,દાહોદ 6,બનાસકાંઠા-બોટાદ-જામનગર-રાજકોટ-મહીસાગર-ખેડા 3,સાબરકાંઠા 2 કેસ નોંધાયા
- રાજ્યમાં કુલ કેસ : 5804
- રાજ્યમાં કુલ મોત : 319
- રાજ્યમાં કુલ સ્વસ્થ : 1195

- જિલ્લા વાઈસ કેસ :

•અમદાવાદ-4076•વડોદરા-385•સુરત-706•રાજકોટ-61•ભાવનગર-74 •આણંદ-75•ગાંધીનગર-77•પાટણ-22,ભરૂચ-27 •નર્મદા-12•બનાસકાંઠા-39•પંચમહાલ-45• છોટાઉદેપુર-14• અરવલ્લી-20•મહેસાણા-32•કચ્છ-7•બોટાદ-33•પોરબંદર-3 •ગીર-સોમનાથ-3•દાહોદ-13•ખેડા-12 •મહીસાગર-36•સાબરકાંઠા-5•નવસારી 8 •વલસાડ-6 •ડાંગ 2•દ્વારકા 3 •તાપી-2•જામનગર 4•મોરબી,સુરેન્દ્રનગરમાં 1 કેસ નોંધાયો

વિદેશથી લોકોને ફ્રીમાં લવાયા હતા હવે ભેદભાવ કેમ?: કોંગ્રેસ

મજૂરોનો રેલવેનો ખર્ચ કોંગ્રેસ પાર્ટી ઉઠાવશેઃ સોનિયા ગાંધી

ન્યુ દિલ્હી,તા.૪

કોરોના વાઈરસની મહામારી સામે જારી લડતમાં લાગુ કરવામાં આવેલા લૉકડાઉનના કારણે મજૂર લાંબા સમયથી ફસાયેલા હતા. હવે જ્યારે લગભગ એક મહિના બાદ ઘરે જવાની પરવાનગી મળી તો કેન્દ્ર સરકારે રેલવેનો તમામ ખર્ચ મજૂરો પાસેથી વસૂલવાનો નિર્ણય લીધો.

આ વિશે જોરશોરથી રાજકીય નિવેદનબાજી થઈ અને હવે કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીએ મોટો નિર્ણય લીધો છે. કોંગ્રેસ પાર્ટી તમામ જરૂરિયાત મંદ મજૂરોનો રેલવે ટિકિટનો ખર્ચ ઉઠાવશે.

કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીએ નિર્ણય લીધો છે કે પ્રદેશ

કોંગ્રેસ કમિટીના દરેક એકમ શ્રમિક-કારીગરના ઘરે જવાની ટ્રેનની ટિકિટનો ખર્ચ ઉઠાવશે અને જરૂરી પગલા લેશે.

સોમવારે જારી કરવામાં આવેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યુ છે કે માત્ર ચાર કલાકના નોટિસ પર લોકડાઉન લાગુ થવાના કારણે દેશના મજૂર પોતાના ઘરે જવાથી વંચિત રહી ગયા છે. ૧૯૪૭ બાદ દેશે પહેલી વાર આ રીતની ઘટના જોઈ કે લાખો મજૂર પગપાળા જ હજારો કિલોમીટર ચાલીને ઘરે જઈ રહ્યા છે.

સોનિયા ગાંધીએ તેમના નિવેદનમાં કહ્યુ કે જો આપણે વિદેશમાં ફસાયેલા ભારતીયોને કોઈ ખર્ચ કર્યા વિના પાછા લાવી શકતા હોઈએ, ગુજરાતમાં એક કાર્યક્રમમાં સરકારી ખજાનામાંથી ૧૦૦ કરોડ રૂપિયા ખર્ચ કરી શકતા હોઈએ, જો રેલવે મંત્રાલય પ્રધાનમંત્રી રાહત ફંડમાં ૧૫૧ કરોડ રૂપિયા આપી શકતા હોય તો પછી મુશ્કેલ સમયમાં મજૂરોના ભાડાનો ખર્ચ કેમ ઉઠાવી ના શકીએ?

તંત્રી સ્થાનેથી...

રૂપાણી રાજમાં લોકો અને ડોક્ટરોને બાય બાય ચાયણી ચલાવતું તંત્ર.....!

વિશ્વભરમાં કોરોના સામેના વાસ્તવિક યુદ્ધમાં સાચા યુદ્ધાઓ ડૉક્ટરો, નર્સો, મેડિકલ કર્મચારીઓ પોતાના જાનના જોખમે મેદાને જંગ ખેલી રહ્યા છે, તેઓને અંતઃકરણથી લાખ લાખ સલામ... જ્યારે બીજા ક્રમે આવે છે પોલીસ આ યોદ્ધાઓને પણ લાખ્ખો સેલ્યુટ.... અત્યારની કોરોનાની મહામારીના સમયમાં વિજ્ઞાને અત્યારે ભગવાન કે ખુદાના રૂપમાં ડૉક્ટરો,નર્સો અને મેડિકલ કર્મચારીઓને કોરોના સામેનો જંગ જીતવા મેદાનમા ઉતારી દીધા છે...આ બાબત અંધવિશ્વાસુઓ, ધર્મ ભક્તો અને ધર્મ શ્રધ્ધા ધરાવનારાઓએ સમજવાની ખાસ જરૂર છે. હવેના આવનાર સમયમાં આધુનિક હોસ્પિટલો, દવાખાના અને મેડિકલ સંશોધનોમાં દાન આપીને સાચી રીતનુ પુણ્ય કમાવું જરૂરી છે. અત્યારના મહામારીના ખે સમયમાં દર્દીઓને બચાવવા મેદાનમાં કોણ છે....? કોઈપણ ધર્મ કે તેના ધુરંધરો- મોટા મોટા સંતો મહંતો દર્દીઓને બચાવવા સેવા સુશ્રુષા કરતા હોય તો બતાવો....આ બધા પોતાના સ્થાનોમા-મઠોમા કે સલામત સ્થળોમા પુરાઈ ગયા છે....કારણ...કોરોના મોતનો ડર.... જ્યારે બીજા ક્રમે પોલીસ આવે છે. જે કાયદા અને તેના રખેવાળે પોલીસો કે જેઓ કોરોના વધુ લોકોને પોતાની રાક્ષસી ચપેટમાં ન લઈ લે તે માટે લોકડાઉન નિયમો તોડનારાઓ, રખડુ અલડટપ્પુઓ, કે અણ સમજુઓને શિસ્તમા રાખવાની રાત-દિવસ જોયા વગર પરિવારજનોને ભૂલીને સેવા કરે છે... તેમાં પણ સામાજિક સેવા પણ કરી રહ્યા છે... અનેકને જમાડે છે.... ખાવાની અને ભોજનની વ્યવસ્થા કરી આપે છે તથા અનાજ કીટો આપે છે... તેઓને અંતઃકરણથી સલામ.. તો પત્રકાર કે જેને દર્દીઓની માહિતી મેળવવા વિવિધ હોસ્પિટલો- દવાખાના,કોરોના વિસ્તારો, આરોગ્ય તંત્ર, સરકારી તંત્ર, પોલીસ તંત્ર સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે સતત સંપર્ક જાળવવો અને પ્રેસ કોન્ફરન્સમાં દોડતા રહેવું અને સમાચારો એકઠા કરવાના તે પણ પોતાની કે પરિવારજનો માટે કોઈ સરકારી અન્ય સુવિધા વિના... તેઓને પણ હૃદયથી કોટી કોટી ધન્યવાદ....

વર્તમાન વૈશ્વિક મહામારીના સમયમાં જે તે દેશના વડા સમજી-વિચારીને લોકહિતને નજરમાં રાખીને નિર્ણયો કરે તે જ સાચા અર્થમાં સત્તાને લાયક કહેવાય.....!ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાના અર્થતંત્રને મહત્વ આપીને કંઈ પણ વિચાર્યા વગર આડેધડ નિર્ણયો લીધા તેના કારણે સૌથી વધુ કોરોના દર્દીઓ અમેરિકન પ્રજા બની તો સૌથી વધુ મોત પણ ત્યા થયા છે. ભારતમા કોરોનાએ આકરૂ રૂપ ધારણ કર્યું તેના કારણમાં ભારતના અનુભવી અને આર્થિક કટોકટીમાંથી દેશની નૈયા હેમ ખેમ પાર કરાવી દીધી તેમજ વિશ્વમાં કોરોના ફેલાવાની ઝડપથી લઈને સરકારને ચેતવનારા તથા સલાહ આપનારાઓની વાત ન માની અને વિચાર્યા વગર પગલાં લીધા છે.....! તો દેશમાં માસ્ક,પીપીઈ કીટ,રેપીડ કીટ,વેન્ટીલેટર સહિતની કમીને કારણે કોરોના વધુ ફેલાયો.... જોકે તે સાથે ભારતમાં વિદેશથી આવનારાઓ તથા અનેકો નાસમજ અલ્લડ ટપ્પુઓ, વધારે છે તેઓએ સરકારની સલાહ કે ચેતવણીને અવગણી ટોળાઓમાં ભળ્યા, ટહેલવા નીકળી પડ્યા તેઓ પણ કોરોના ફેલાવવાના જવાબદાર છે....! કેન્દ્ર સરકારે ર્ઝ્ઝ્ઝ્ર્ઝ્ર જાહેર કર્યા બાદ જે રીતે લંબાવવામાં આવ્યું તેના કારણે કરોડો લોકોની મુશ્કેલીઓ વધી ગઈ છે... જેમાં ગરીબો, મજૂર વર્ગ,લોઅર મધ્યમ વર્ગ અને મધ્યમ વર્ગનો સમાવેશ થાય છે. આમ પ્રજાને જીવનજરૂરી વસ્તુઓનું સરકારે વિતરણ કર્યું પણ તે માટે આયોજન અને સંકલનમાં ખામીને લઈને લાખો લોકો સરકારી અનાજથી વંચિત રહ્યા....! પરિણામ સ્વરૂપ જે તે રાજ્યોમાં પરપ્રાંતીઓને અનાજના ફાફા પડવા સાથે કોરોના મોતનો ડર હતો.... તેઓ વતન જવા ટોળા બધ્ધ બહાર આવી ગયા. જેના કારણે વિવિધ શહેરોમા અનેક સ્થળે ટોળાઓ એકઠા થયા પરિણામે ર્ઝ્ઝ્ઝ્ર્ઝ્ર ના નિયમોના ધજ્જીયા ઉડ્યા....! સરકારે સમય પારખીને વતન જનારાઓ માટે જે તે રાજ્યો ઉપર જવાબદારી નાખી પછીથી જરૂરી ટ્રેનો મૂકવા નિર્ણય લીધો. બસોમાં જનારાઓને ખાનગી બસો ભાડાના નામે લુટવામાં આવી રહ્યા હતા. પરિણામે અનેક શ્રમિકો મુશ્કેલીમાં મુકાઈ ગયા.... ઉપરાંત તેમની પાસે ખાવા પીવાની વ્યવસ્થા ન હતી... રાજ્ય સરકારોએ કે તેમના તંત્રએ આ માટે કોઈ વ્યવસ્થા કરી ન હતી....! તો વતન જવા મુકાયેલી ટ્રેનને ભાજપા પક્ષના નેતા પક્ષના ઝંડા સાથે આવીને ઝંડી આપે છે અને ટ્રેન ઉપડે છે. તો ક્યાંક તો રેલવે સ્ટેશને વતન જનારા શ્રમિકોના ટોળા વચ્ચે પહોંચી ગયા....જેની ભારે ટીકા આમ પ્રજામા થઈ રહી છે... કારણ કે આ કોઈ નવી ટ્રેન શરૂ થવાની ન હતી. કોરોના જેવી મહામારીમાં ફસાયેલાઓને વતન જવા કેન્દ્ર સરકારે ટ્રેનની વ્યવસ્થા કરી હતી. જ્યારે બીજી તરફ જે તે રાજ્ય પાસે પોતાની માલિકીની એસ.ટી.બસો હતી છતા તેઓએ ખાનગી બસો મુકીને બહુ મોટી ભૂલ કરી છે.....! જેથી આમ પ્રજામાં આક્રોશ ફરી વળ્યો છે.....!

ગુજરાતમાં જે રીતે કોરોના સંક્રમિત કેસોની સંખ્યા અને મૃત્યુઆંક વધી રહ્યા છે તેને કારણે આમ પ્રજામાં ભારે ફફડાટ પ્રસરી ગયો છે... તો પરપ્રાતિઓ માટે વતન જવા ખાનગી બસોની વ્યવસ્થા કરવામાં આવી પરંતુ તેઓ ભાડામા ઉઘાડી લુટ કરે છે....! તો ટ્રેન ભાડું પણ વતન જનારા એ જ આપવાનું.... આવા શ્રમિકોની પાસે ખાવાનું નથી- પૈસા નથી. તો સરકારીતંત્ર દૂર વતન જનારાઓને ખાવાનું,પીવા માટે પાણી આપવાની તસ્દી પણ લીધી નથી. જ્યારે બીજી તરફ વિદેશથી આવનારાઓને મફતમાં લાવવામાં આવે છે..... ત્યારે સવાલ ઊઠે છે કે સરકારની આ તે કેવી નીતિ છે.....? જેની પાસે કશું નથી તેને કશું જ આપવાનું નહીં..... અને વિદેશની આવનારાને બધી જ મફત સુવિધા.....!?

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૦૫/૦૫/૨૦૨૦, મંગળવાર, વૈશાખ સુદ-૧૩
સૂર્યોદય-૬-૧૪, સૂર્યાસ્ત-૭-૧૪, જૈન નવકારશી-૭-૫૪,
આજની રાશિ : તુલા (ર.ત.), નક્ષત્રઃ હસ્ત

સૂર્ય-કુંભ ચંદ્ર-કર્ક મંગળ-ધન બુધ-કુંભ ગુરૂ-ધન શુક્ર-મેષ શનિ-મકર રાહુ-મિથુન કેતુ-ધન હર્ષલ-મેષ નેપ્ચ્યુન-કુંભ પ્લુટો-મકર	- શુભ ચોઘડીયા - ૯-૨૯થી ચલ-લાભ-અમૃત-૧૪-૨૧ સુધી, ૧૫-૫૯થી શુભ-૧૭-૩૬ સુધી, ૨૦-૩૬થી લાભ-૨૧-૫૯ સુધી, ૨૩-૨૧ થી શુભ-અમૃત-ચલ-૨૭-૨૮ સુધી - શુભ હોરા- ૮-૨૩ થી ૧૧-૩૯ સુધી, ૧૨-૪૪ થી ૧૩-૪૯ સુધી, ૧૫-૫૯થી ૧૯-૧૪ સુધી, ૨૦-૦૯થી ૨૧-૦૪ સુધી

ગુજરાતમાં વસતા અન્ય રાજ્યોના ૨૧૫૦૦ શ્રમિકો ત્રણ દિવસમાં ૧૮ જેટલી વિશેષ ટ્રેન મારફત વતન રાજ્યમાં મોકલવામાં આવ્યા

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ પ્રવર્તમાન લોકડાઉનની સ્થિતીમાં અન્ય રાજયોના ગુજરાતમાં વિવિધ શહેરોમાં વસતા શ્રમિકોને પોતાના વતન-રાજ્ય જવાની વ્યવસ્થા માટે ભારત સરકારના દિશાનિર્દેશ મુજબ રાજ્ય સરકારના તંત્રને પ્રેરિત કર્યુ છે.

શનિવારથી અત્યાર સુધીમાં ત્રણ દિવસમાં ૧૮ ટ્રેન મારફતે ૨૧૫૦૦ જેટલા શ્રમિકોને તેમના વતન-રાજ્ય મોકલવામાં આવ્યા છે તેમ મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી અશ્વિનીકુમારે જણાવ્યું હતું.

આ અંગેની વિસ્તૃત વિગતો આપતાં તેમણે કહ્યું કે, આ હેતુસર અત્યાર સુધીમાં સુરતથી ઓરિસ્સા માટે ૭ ટ્રેન, ઝારખંડ ને બિહાર માટે એક-એક ટ્રેન, અમદાવાદથી યુ.પી માટે ૬ ટ્રેન, બિહાર માટે ૩ ટ્રેન તેમજ વડોદરા, નડિયાદ અને પાલનપુરથી યુ.પી. માટે એક-એક ટ્રેન એમ ૧૮ ટ્રેનની વ્યવસ્થાઓ ભારત સરકારે રાજ્ય સરકાર સાથેના સંકલનમાં કરી આપી છે.

મુખ્યમંત્રીશ્રીના સચિવે જણાવ્યું કે, આવા પરપ્રાંતિય અન્ય રાજયોના શ્રમિકો-કામદારો માટેની ટ્રેન વ્યવસ્થા ભારત સરકાર દ્વારા રાજ્યને જેમ ટ્રેન મળતી જશે તેમ કરવામાં આવશે. એટલું જ નહિ, આવા શ્રમિકોએ જે-તે જિલ્લા કલેકટરની હેલ્પલાઇન ૧૦૭૭ ઉપર નોંધાવાનું પણ રહેશે.

મુખ્યમંત્રીશ્રીએ ખાસ કરીને સુરતમાં વસેલા-સૌરાષ્ટ્રના બોટાદ, અમરેલી, ભાવનગર વગેરે જિલ્લાઓના વતની રત્નકલાકારો જો પોતાના વતન જવા માંગતા હોય તો એ અંગે પણ યોગ્ય વિચારણાઓ હાથ ધરી છે.

મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રીએ આ સંદર્ભમાં જણાવ્યું કે, આવા રત્નકલાકારો જયારે તેમના વતન ગામ જાય ત્યારે કોરોના ફેલાય નહિ અને તેઓ સુરતમાં પરત પણ ફરી શકે તે માટેની સમગ્ર બાબતો અંગે રાજ્ય સરકાર વિચારાધિન છે.

તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, આ સમગ્ર બાબતે રાજ્ય સરકાર યોગ્ય સમયે યોગ્ય નિર્ણય કરશે. હાલ આ અંગે કોઇ નિર્ણય કરાયો નથી.

તેમણે આ અંગે વધુમાં જણાવ્યું કે, આવા રત્ન કલાકારોને તબક્કાવાર અને સોશિયલ ડીસ્ટન્સીંગ સાથે મંજૂરી, મળે તેમનું સુરતમાં સ્ક્રીનીંગ થાય તેમજ તેમના વતન જિલ્લામાં જયારે તે પહોચે ત્યારે ત્યાં પણ સ્ક્રીનીંગ થાય, ગ્રામ પંચાયત કે નગરપાલિકા નક્કિ કરે તે રીતે ૧૪ દિવસ માટે આવા રત્ન કલાકારને હોમ અથવા પબ્લીક કવોરેન્ટાઇન સ્થળે કવોરેન્ટાઇન થવાનું રહેશે.

તેમજ જો શરદી, તાવ, ખાંસી કે બિમારીના લક્ષણો હોય તો તેમને જવા દેવાની પરવાનગી નહિ અપાય અને તેઓ એકવાર પોતાના વતન જાય તે પછી ૧૪ દિવસ અને ૧ માસ સુધી સુરત પાછા ફરી નહિ શકે તેવી બધી જ બાબતોની સર્વગ્રાહી રણનીતિ સુરત જિલ્લા કલેકટર સૌરાષ્ટ્રના જે-તે જિલ્લા કલેકટરો સાથે મળીને રાજ્ય સરકારના દિશાનિર્દેશનમાં તૈયાર કરશે એમ પણ શ્રી અશ્વિનીકુમારે ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રીના સચિવે ઉમેર્યુ કે, ગુજરાતના સ્થાપના દિવસે મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ રાજ્યના મધ્યમવર્ગીય પરિવારોના ૬૧ લાખ છૅન્-૧ કાર્ડધારકોને અઢી કરોડ જેટલા લોકોને બીજીવાર વિનામૂલ્યે અનાજ વિતરણની જાહેરાત કરી છે તેનો આગામી તા. ૭મી મે થી રાજયવ્યાપી પ્રારંભ કરવામાં આવશે. આ અનાજ વિતરણ રાજ્યની ૧૭ હજાર જેટલી સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનોએથી સોશિયલ ડિસ્ટન્સીંગના નિયમો સાથે કરવામાં આવશે.

એટલું જ નહિ, અનાજ મેળવવા આવનારા તમામ ગ્રાહકો માટે માસ્ક પહેરવાનું ફરજિયાત રહેશે. 'માસ્ક નહિં તો અનાજ નહિ' એ અભિગમ અપનાવશે એમ તેમણે ઉમેર્યુ હતું.

શ્રી અશ્વિનીકુમારે આ અનાજ વિતરણની જે ક્રમબદ્ધ વ્યવસ્થાઓ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી છે તેની વિગતો પણ આપી હતી.

તેમણે જણાવ્યું કે, જે APL-1 કાર્ડધારકોના રેશનકાર્ડના છેલ્લા આંક ૧ અને ૨ છે તેમને તા. ૭મી મે, ૩ અને ૪ છેલ્લા આંક વાળા કાર્ડધારકોને તા. ૮મી મે, ૫ અને ૬ છેલ્લો આંક હોય તેમને તા. ૯મી મે તથા ૭ અને ૮ વાળા કાર્ડધારકોને તા. ૧૦મી તેમજ ૯ અને ૦ આંક ધરાવનારા છૅન્-૧ કાર્ડધારકોને તા. ૧૧મી મે એ અનાજ વિતરણ કરવામાં આવશે.

શ્રી અશ્વિનીકુમારે કહ્યું કે, જો કોઇ APL-1 કાર્ડધારક લાભાર્થી તેના નિર્ધારીત ફાળવેલા દિવસે અનાજ લેવા ન જઇ શકે તો તેને તા. ૧૨મી મે એ અનાજ વિતરણ કરવામાં આવશે.

મુખ્યમંત્રીશ્રીએ કેન્દ્ર સરકારની નવી ગાઇડલાઇન્સ મુજબ ગુજરાતમાં લોકડાઉનના ત્રીજા તબક્કાના અમલ અંગે ઓરેંજ-ગ્રીન ઝોનમાં ઊદ્યોગો શરૂ કરવાની આપેલી છૂટછાટ અન્વયે આશરે ૩ હજાર જેટલા ઊદ્યોગો જામનગર અને જૂનાગઢ મહાનગર વિસ્તારોમાં શરૂ થયા છે. અંદાજે ૨૫ થી ૩૦ હજાર શ્રમિકોને રોજગાર મળતો થયો છે.

તેમણે ઉમેર્યુ કે, આવા ગ્રીન ઝોન વિસ્તારોમાં એસ.ટી. બસ સેવાઓ પણ પચાસ ટકા પેસેન્જર ક્ષમતા સાથે ધીરે ધીરે શરૂ થઇ જશે.

રાજ્યના ગ્રીન-ઓરેન્જ ઝોન વિસ્તારોમાં જનજીવન ઝડપથી પૂર્વવત થઇ રહ્યું છે અને દુકાનો, ઊદ્યોગો-વેપાર વણજ પણ શરૂ થવા માંડયા છે એમ તેમણે ઉમેર્યુ હતું.

સીએમ-પીઆરઓ/અરૂણ

કોટનના વાયદાના ભાવમાં રૂ.૬૫૦નો ઘટાડોઃ એલચી, સીપીઓ, મેન્થા તેલમાં સાર્વત્રિક નરમાઈનો માહોલ

મુંબઈ

વિવિધ કોમોડિટી વાયદા અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૨૧૨૫૧૪ સોદામાં રૂ. ૮૮૮૭.૭૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાઓનો હિસ્સો રૂ. ૮૬૮૩.૨૪ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૨૦૪.૫૪ કરોડનો રહ્યો હતો. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં વૃદ્ધિ થઈ હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ ઘટવા સામે નેચરલ ગેસ વધ્યું હતું. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાના ભાવમાં ગાંસડીદીઠ રૂ.૬૫૦નો ઘટાડો થયો હતો. એલચી, સીપીઓ, મેન્થા તેલમાં સાર્વત્રિક નરમાઈનો માહોલ હતો.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૮૩૧૫૮ સોદાઓમાં રૂ. ૪૮૬૧.૨૮ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૫૫૬૫ ખૂલી, ઊપરમાં રૂ. ૪૫૯૭૮ અને નીચામાં રૂ. ૪૫૪૬૧ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૪૫ વધીને રૂ. ૪૫૭૭૨ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની મે કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૫૭ વધીને ૮ ગ્રામદીઠ રૂ. ૩૭૧૧૦ અને ગોલ્ડ-પેટલ મે કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩ વધીને ૧ ગ્રામદીઠ રૂ. ૪૬૦૩ થયા હતા, જ્યારે સોનું-મિની મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૬૨ વધીને બંધમાં રૂ. ૪૫૬૧૩ ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૪૧૪૧૮ ખૂલી, ઊપરમાં રૂ. ૪૧૬૬૪ અને નીચામાં રૂ. ૪૧૧૮૫ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૫૮ વધીને રૂ. ૪૧૪૯૫ બંધ રહ્યો હતો. ચાંદી-મિની જૂન રૂ. ૮૧ વધીને રૂ. ૪૨૦૮૮ અને ચાંદી-માઈક્રો જૂન રૂ. ૯૨ વધીને રૂ. ૪૨૨૦૩ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૧૦૦૯૫૮ સોદાઓમાં રૂ. ૨૨૮૦.૬૨ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ મે કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૪૫૮ ખૂલી, ઊપરમાં રૂ. ૧૪૭૩ અને નીચામાં રૂ. ૧૩૮૬ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૮૧ ઘટીને રૂ. ૧૪૩૭ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૨૬૧૮ સોદાઓમાં કુલ રૂ. ૧૯૮.૮૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન મે વાયદો ગાંસડીદીઠ રૂ. ૧૬૨૨૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૬૨૨૦ અને નીચામાં રૂ. ૧૫૭૦૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૬૫૦ ઘટીને રૂ. ૧૫૭૦૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ મે કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ. ૬૦૪.૯ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૭.૮ ઘટીને બંધમાં રૂ. ૫૯૧.૨ ના ભાવ હતા, જ્યારે એલચી મે વાયદો કિલોદીઠ રૂ. ૧૬૪૦ ખૂલી, અંતે રૂ. ૨૯.૧ ઘટીને રૂ. ૧૬૪૦ થયો હતો. મેન્થા તેલ મે વાયદો કિલોદીઠ રૂ. ૧૧૯૨ ખૂલી, ઊપરમાં રૂ. ૧૧૯૫ અને નીચામાં રૂ. ૧૧૭૦ રહી, અંતે રૂ. ૧૧૭૬ બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૨૭૪૨૬ સોદાઓમાં કુલ રૂ. ૩૩૮૩.૨૪ કરોડ ની કીમતનાં ૭૩૯૬.૪૭ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૫૫૭૩૨ સોદાઓમાં કુલ રૂ. ૧૪૭૮.૦૩ કરોડ ની કીમતનાં ૩૫૨.૯૫૫ ટન, ક્રૂડ તેલમાં ૬૧૮૨૪ સોદાઓમાં રૂ. ૧૨૩૧.૬૭ કરોડનાં ૮૬૧૫૨૦૦ બેરલ્સ, કોટનમાં ૭૯૭ સોદાઓમાં રૂ. ૪૪.૨૮ કરોડનાં ૨૭૯૦૦ ગાંસડી, સીપીઓમાં ૧૭૯૧ સોદાઓમાં રૂ. ૧૫૩.૪૫ કરોડનાં ૨૫૮૪૦ ટન, એલચીમાં ૧૧ સોદાઓમાં રૂ. ૧૮.૯૧ લાખનાં ૧.૨ ટન, મેન્થા તેલમાં ૧૯ સોદાઓમાં રૂ. ૯૬.૨૩ લાખનાં ૮.૨૮ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૨૧૩૧૯.૪૨૭ કિલો, ચાંદીના વાયદાઓમાં ૨૪૭.૧૧૯ ટન, ક્રૂડ તેલમાં ૯૪૦૫ બેરલ્સ, કોટનમાં ૧૩૬૫૦૦ ગાંસડી, સીપીઓમાં ૪૯૬૩૦ ટન, એલચીમાં ૩ ટન, મેન્થા તેલમાં ૨૭ ટન અને કપાસમાં ૧૨ ટનના સ્તરે રહ્યો હતો.

કોમોડિટી ઓપ્શન્સમાં કુલ રૂ. ૨૦૪.૫૪ કરોડનું ટર્નઓવર (નોશનલ) થયું હતું, જ્યારે પ્રીમિયમ ૬.૪૮ કરોડ નું રહ્યું હતું. ઓપ્શન્સના કુલ વોલ્યુમમાં કોલ ઓપ્શન્સનો હિસ્સો ૩૩.૧૦ ટકાનો અને પુટ ઓપ્શન્સનો હિસ્સો ૬૬.૯૦ ટકાનો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૪૬૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો મે કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૮૪ ખૂલી, ઊપરમાં રૂ. ૮૪૮ અને નીચામાં રૂ. ૬૮૪ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૮૧૨ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૫૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો મે કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૫૪.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૬૫૪.૫ અને નીચામાં રૂ. ૫૨૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૫૬૦ બંધ રહ્યો હતો.

ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૫૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જૂન કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૩૪૮ ખૂલી, ઊપરમાં રૂ. ૩૪૮ અને નીચામાં રૂ. ૨૮૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૧૪ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જૂન કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૧૪૯૯ ખૂલી, ઊપરમાં રૂ. ૧૪૯૯ અને નીચામાં રૂ. ૧૩૨૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૪૦૬.૫ બંધ રહ્યો હતો.

ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૧૬૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો મે કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૫૫ ખૂલી, ઊપરમાં રૂ. ૧૮૧ અને નીચામાં રૂ. ૧૪૫.૭ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૬૮.૧ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૧૪૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો મે કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૨૬૪ ખૂલી, ઊપરમાં રૂ. ૨૬૪ અને નીચામાં રૂ. ૨૧૦.૧ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૨૬ બંધ રહ્યો હતો.

ગાંધીનગરના પોઝિટીવ કેસોવાળા વિસ્તારોમાં કરાશે દરરોજ ૨૦૦ ટેસ્ટ

ગાંધીનગર,તા.૦૪

રવિવારની સાંજે અત્યાર સુધીના ૨૪ કલાકમાં સૌથી વધુ ૩૭૪ ચેપગ્રસ્ત મળ્યાનું જાહેર થતા ગુજરાતમાં કોવિડ-૧૯ના કુલ કેસોની સંખ્યા ૫,૪૨૮એ પહોંચી છે. જેમ ચેપ્રગસ્તો મળી રહ્યા છે એમ એક જ દિવસમાં અત્યાર સુધીમાં સૌથી વધુ ૧૪૬ દર્દીઓ સારવાર લઈને સાજા થઈને ઘરે જતા ગુજરાતમાં કુલ ડિસ્ચાર્જ કેસોની સંખ્યા પણ વધીને ૧૦૪૨ થઈ છે.આ બેઉ આંકડાઓની વચ્ચે રવિવારે અમદાવાદમાં ૨૩, સુરતમાં બે અને આણંદ, વડોદરા, ગાંધીનગરમાં એક-એક એમ કુલ ૨૮ દર્દીઓના અવસાન પણ થયા છે. આમ, ગુજરાતમાં કોરોના વાઈરસની મહામારીથી મૃત્યુ પામનારાઓની સંખ્યા ૨૯૦ થઈ છે. આજે પણ ગુજરાતના અલગ અલગ વિસ્તારોમાં કોરોના પોઝિટીવના કેસ વધ્યા હતા.

ગાંધીનગરમાં કોરોનાના વધતા કેસને લઈ આજે એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. કોરોનાના વધતા કેસને લઈ પોઝિટિવ કેસવાળા વિસ્તારમાં વધુ ટેસ્ટ કરાશે. કોરોનાના દૈનિક ૨૦૦ ટેસ્ટનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. જેના માટે ગાંધીનગર માટે નવી ૧૦૦૦ કિટની માગણી કરવામાં આવી છે. ગાંધીનગરમાં જયાં પોઝીટીવ કેસ છે એવા સેક્ટરમા વધુ ટેસ્ટ કરાશે. ગઈકાલે ૧૭૩ સેંપલ શહેરમાંથી લેવાયા હતા, જયારે ગ્રામ્યમાં ૭૩ સેંપલ લેવાયા છે. રોજના ૨૦૦ ટેસ્ટ કરવાનો લક્ષ્યાંક હોવાનો નિર્ણય કરાયો છે.

રાજકોટમાં બિનગુજરાતી લોકોની ધીરજ ખૂટી, વતન જવાની જીદ પર અડગ થયા

રાજકોટ,તા.૦૪

કોરોનાના કહેર વચ્ચે રાજકોટમાંથી આજે એક મોટા સમાચાર મળી રહ્યા છે. રાજકોટમાં આજે શ્રમિકો પોતાના વતન જવા માટે જીદે ભરાયા છે, ત્યારે શ્રમિકો આજે ઉગ્ર બન્યા છે. રાજકોટના ગોંડલ ચોકડી પાસે શ્રમિકોએ હોબાળો કરીને બેરિકેટ ઉંધા પાડી દીધા હતા. એટલું જ નહીં, અનેક જગ્યાએ તોડફોડના અહેવાલો પણ મળી રહ્યા છે. રાજકોટના ગોંડલમાં શ્રમિકો ઉગ્ર બનતા પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચીને સ્થિતિ પર કાબૂ મેળવવાની કોશિશ કરી રહ્યો છે. પોલીસના ઉચ્ચ અધિકારીઓ શ્રમિકોને પોતાના વતન પહોંચાડવાનું આશ્વાસન આપીને શાંત કરવાના પ્રયત્નો કરી રહ્યા છે. હવે વતન જવાની જીદ પર અડગ થયા છે. પોલીસને જાણ થતા દોડી આવી હતી અનો સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ મજૂરો માનતા નથી. પોલીસને પણ ચિમકી ઉચ્ચારી હતી કે,

અમને તાત્કાલિક અમારા વતન મોકલો નહીંતર ચાલવા લાગીશું. જો કે પોલીસે સમજાવટ બાદ સૌ શાંત થયા હતા અને પોતાના નામ અને કેટલા વ્યક્તિઓને ક્યાં જવું છે તેનું લીસ્ટ તૈયાર થઈ રહ્યું છે. જો કે ગઈકાલે કલેક્ટરે પણ જાહેરાત કરી હતી કે ટ્રેન દ્વારા વતન મોકલવાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે લોકો શાંતિ રાખે અને તંત્રને સાથે આપે. કલેક્ટર કચેરીએ પણ પરપ્રાંતિયોના ટોળા ઉમટ્યા છે. વતન જવા માટે ફોર્મ લેવા શ્રમિકો ઉમટ્યા છે. સુરતમા રહેતા પરપ્રાંતીય કારીગરોને પોતાના વતન જવાની છૂટ આપવામમાં આવી છે.

જ્યારે યુપી, બિહાર અને ઝારખંડના કામદારો માટે હજી સુધી સરકાર દ્વારા કોઇ યોગ્ય નિરાકરણ કરવામાં વિલંબ થઇ રહ્યો હોવાથી પાંડેસરા પોલીસ કોલોની વિસ્તારમાં રહેતા અંદાજે ૭૦થી ૮૦ કામદારોએ મુંડન કરાવી અનોખી રીતે વિરોધ કર્યો હતો. આ સાથે કામદારોએ સ્થાનિક રાજકીય નેતાઓ પર ગંભીર આક્ષેપ કર્યા હતા.

ભાવનગરમાં કોરોના વધુ ૧૭ કેસો સામે આવતા તંત્રમાં ખળભળાટ

ભાવનગર,તા.૦૪

આજે ભાવનગરથી કોરોના વાયરસને લઈ મોટા સમાચાર મળી રહ્યા છે. ભાવનગરમાં જાણે કોરોનાના નવા કેસોનો રાફડો ફાટ્યો છે. શહેરના અલગ અલગ વિસ્તારોમાંથી કોરોનાના નવા ૧૭ પોઝિટિવ

ન્યુઝ ઓફ ગાંધીનગર (સાહિત્યિક બાળ વિભાગ ગદ્ય).અહેવાલ : જીજ્ઞા કપૂરિયા

શીર્ષક : ગાંડાલાલ નો ગજેન્દ્ર મોક્ષ ક્યારે?

એક ગામ હતું
ગામમાં એક ગાંડો હતો
ગાંડો પૂછડે બાંડો હતો
પણ ગાંડો થોડો વધારે ગાંડો હતો
એને એમ હતું કે હું કહું એ થાય
ને હું જે કરું એ લોકો કરે
એટલે ગાંડાએ ગામ ભેગું કર્યું
ગામ હડુડું કરતું ભેગું થઈ ગયું
ગાંડાનો વજીર થોડો ચાલાક હતો
એણે સૌ પ્રથમ
ગાંડા ને ગાંડાલાલ જાહેર કર્યા
પછી ગાંડાલાલને ગામનો રાજા જાહેર કર્યો
પછી ગાંડા લાલની જયજયકાર કરી
લોકોએ બધું સ્વીકારી લીધું
લોક રાજી થયું
વજીર ખુશ થયો
ગાંડાલાલ પણ ખુશ થયા
ગાંડા એ ગર્જના કરી
બોલો મારા જેવો કોઈ ખરો?
ખરો કે નહીં?
બધા એકી શ્વાસે બોલી ઉઠ્યા
ના મહારાજ તમારા જેવું કોઈ નહિ
આ પ્રથમી પર તમારા જેવું કોઈ થયું નથી કે થશે નહીં.
એકેય યુગમાં તમારા જેવો ગાંડો કે ગાંડાલાલ પાકે નહિ
તમારી જય હો મહારાજ
તમારી જય હો
પછી ગામ વેરાઈ ગયું
છોલાઈ ગયું છેતરાઈ ગયું
વહેંચાઈ ગયું
વહેરાઈ ગયું તુન-તુન થઈ ગયું
છતાંય
આજેય
એ ગામની ભાગોળે
ગાંડા ઉર્ફે ગાંડાલાલની
જયકારના ભણકારા સંભળાય છે
એના ભણકારા આકાશ પાતાળ પૃથ્વી
ત્રણેય લોકમાં વિસ્તરી ગયા છે
એની અસર એ થઈ કે
આ જયકાર સાંભળી
શેષ શૈયા પર સુતેલા વિષ્ણુ ભગવાનની
ઊંઘમાં ખલેલ પડી
ભગવાન ચોકી ઉઠ્યા
ને ગાંડા સામે પ્રગટ થઈ
વરદાન આપ્યું
કે હે ગાંડા ઉર્ફે ગાંડાલાલ
તારી કીર્તિ ત્રણેય લોકમાં પ્રસરી ગઈ છે
એની અસર મારી ઊંઘ પર પડી છે
ખેર તું આમ વારંવાર મારી છ મહિનાની
ઊંઘમાં ખલેખ પહોંચાડે એ મને પોસાય
એમ નથી
એટલે હું તને પૃથ્વી પર કાયમી સ્થાપી
દઉં છું
આજથી તું ઘેટાઓનો અધિપતિ
એનો તું રાજા
એ તારી રૈયત
પણ જો ભૂલેચૂકે મારી ઊંઘ બગાડી
તો સમજી લેજે
જય વિજય જેમ તુંય
રાક્ષસ યોનીને પ્રાપ્ત કરીશ
ને મારા જ હાથે મૃત્યુ ને વરીશ
ત્યારથી ગાંડાલાલ શાનમાં સમજી ગયા છે
એમનું ગાંડપણ પૃથ્વીની
સીમાઓ ઓળંગતું નથી
ને ભગવાનની ઊંઘ બગડતી નથી
પણ રૈયત હલાવાઈ ગઈ છે
રૈયત વિચારે છે
ગાંડાલાલનો ગજેન્દ્રમોક્ષ ક્યારે થશે?
વિનુ બામણીયા"

શીર્ષક : મમતા ની મહેક..

આજે સુરતની એક શાળાનો વાર્ષિકોત્સવ નો દિવસ હતો. નાના નાના ભૂલકાઓ તૈયાર થઇ ને પતંગિયા ની જેમ ઉડી રહ્યા હતા. એવું લાગેકે જાણે ઉપવનમાં રંગબેરંગી પતંગિયા ઉડી રહ્યા છે. આ બધામાં આજે ચોથા ધોરણમાં ભણતો જય શાહ ખુબ જ ગંભીર હતો. આજે એણે મંચ પરથી " મા " વિષે બોલવાનું હતું. એની મમ્મીએ સરસ સ્પીચ તૈયાર કરીને આપી હતી.

સાત વાગ્યા સુધીમાંતો શાળાનો હોલ વાલીઓ અને નાના મોટા ભૂલકાઓથી ખીચોખીચ ભરાઈ ગયો. પ્રાર્થના થી કાર્યક્રમની શરૂઆત થઇ. જુ.કે.જી. અને સી.કે.જી. નાના ભૂલકાઓ સ્ટેજ પર પતંગિયા ની જેમ ઉડવા લાગ્યા. રંગ બેરંગી લાઈટ થી મંચ શોભવા લાગ્યું. વેલકમ ડાન્સ પૂરો થયો અને તાળીઓથી હોલ ગાજી ઊઠ્યો. પછી નામ બોલાયું " હવે ચોથા ધોરણમાં ભણતો હોનહાર વિદ્યાર્થી માસ્ટર જય શાહ "મા" વિષે વક્તવ્ય આપશે. પ્લીઝ વેલકમ જય શાહ ..." અને હોલ તાળીઓથી ગુંજી ઉઠ્યો.

જય મંચ પર આવ્યો ઓડીયન્સ નું અભિવાદન કર્યું અને પછી એકજ શબ્દ બોલ્યો : "મા " અને એની નજર મમ્મી પર પડી. એણે જોયું પહેલી હરોળ માં બેઠેલી એની મમ્મી અમીની આંખમાંથી આંસુ સરી રહ્યા હતા....અને જય એ આગળ બોલવાનું શરુ કર્યું ; " મા તું જ મારી "ઈશ". મા જન્મથી લઈને આજ દિન સુધી હું ફક્ત તને જ ઓળખું છું. પપ્પાને તો મે જોયા જ નથી. મા તે મને જન્મ આપ્યો. આજે હું ચોથા ધોરણમાં આવ્યો. મને આંગળી પકડી ચાલતા શીખવાડ્યું ,બોલતા શીખવાડ્યું મારી મમ્મી અમી શાહ હું આજે જેટલું જાણું છું ને શીખ્યો છું તે તને આભારી છે.

મારી મમ્મી ટ્યુશન કરાવે છે અને મને મોટો કરે છે. મારા દરેક લાડકોડ પુરા કરે છે .હું તો એટલું જાણું છું કે મારી મા મારા માટે ખૂબ મહેનત કરે છે. મા હું મોટો થઈશને ત્યારે તારી દરેક ઈચ્છા પૂરી કરીશ. મા હું તારું ઋણ ક્યારેય ન ચૂકવી શકું. '

આટલું બોલી જય સ્ટેજ પર બેસી ગયો.એની આંખમાં આંસુ આવી ગયા. અને આખો હોલ તાળીઓથી ગાજી ઉઠ્યો. જયના ક્લાસ ટીચર એને બેક સ્ટેજ માં લઇ ગયા.

આ બાજુ પ્રેક્ષકો માં બેઠેલી અમી અવાચક હતી. કારણકે જય જે પણ કંઈ બોલ્યો તે સ્પષ્ટ ગુજરાતીમાં હતું. જયારે અમી એ જયને અંગ્રેજીમાં સ્પીચ લખી આપી હતી. જય જે પણ કંઈ બોલ્યો એ એણે લખી નહોતું આપ્યું.

અને જયારે ઇનામ વિતરણ થયું ત્યારે માસ્ટર જય શાહ પ્રથમ વિનર બન્યો. પ્રિન્સિપાલે જય ને બોલાવ્યો ને ઇનામ આપવા લાગ્યા તો નાનકડો જય બોલી ઉઠ્યો " સર આ ઇનામ હું મારી મમ્મીને હાથે લેવા માંગું છું. શું હું અહી મારી મમ્મીને અહી બોલાવી શકું ?

ને આચાર્યશ્રી એ અમી શાહને મંચ પર આવવા આમંત્રણ આપ્યું. અમી મંચ પર આવી પોતાના વહાલસોયા દીકરાને ભેટી પડી. આચાર્ય શિક્ષકો અને વિદ્યાર્થીઓ એ ઉભા થઈ ને મા દીકરાનું અભિવાદન કર્યું. અને હોલ જય ના જયજયકાર થી ગાજી ઉઠ્યો.

રીટા મેકવાન " પલ "
સુરત.ન્યુઝ ઓફ ગાંધીનગર

શીષેક - ચેદની યુક્તિ

એક નગર નામે ચેદનગર, કારણ ત્યાંના ચેદો ખૂબ હોશિયાર. તે નગરના રાજાનું નામ રાઠોડસિંહ અને રાણીનું નામ પ્રકૃતિરાણી. પ્રકૃતિરાણીને રાત્રે ઊંઘ ન આવવાની બિમારી, પણ થોડા મહિનાઓમાં બિમારી ચેદની દવાથી દૂર થઇ ગઇ, પણ આ જ બિમારી રાજાને લાગી ગઇ. પ્રકૃતિરાણીનો ઇલાજ કરનાર ચેદની દવા કરાવી, પણ કોઇ જ ફરક ના પડ્યો. રાજાએ આખા રાજ્યમાં ઢંઢેરો પિટાવ્યો, "દેશ-પરદેશના જે પણ ચેદ રાજાને ઠીક કરશે, તેને મનગમતું ઇનામ મળશે." રાજ્યના તથા બહારના ઘણા ચેદો આવ્યા અને રાજાની દવા કરી, પણ બધાને નિષ્ફળતા મળી, રાજાની બિમારી ઠીક ના થઇ. તપાસ કરતાં ખબર પડી કે, રાજ્યમાં એક ગરીબ ચેદ છે, જેણે રાજાને ઠીક કરવાનો પ્રયાસ નહતો કર્યો. રાજાએ તેને મહેલમાં બોલાવ્યો અને દવા કરવા માટે કહ્યું. તેણે દવા આપતાં પહેલાં રાજા પાસે એક શરત મૂકી કે, તેની પાસે એક જાદુઇ ગેડીદડો છે, એનાથી રમવું પડશે. રાજાએ ભૂકી ફાકી અને પછી તે બન્ને તે જાદુઇ ગેડીદડાથી રમ્યાં, દોડોદોડ કરીને રાજા થાકીને લોટપોટ થઇ ગયો અને રાત પડતાં ઘસઘસાટ ઊંઘી ગયો.

બીજા દિવસે સવારે, રાજાએ તે ચેદને બોલાવી, ઇનામ માંગવા કહ્યું. ચેદ વિચારવા લાગ્યો કે, હું હંમેશા એકજ પ્રકારની ભૂકી અને જાદુઇ ગેડીદડાથી લોકોને સાજા કરું છું. હું રાજાની પાસે ચેદવિદ્યાના પુસ્તકો માંગું, જેથી હું આ વિદ્યા વિશે વધુ જાણકારી મેળવી શકું. આ સાંભળી રાજા ખૂબ ખુશ થયો કે તેણે ગરીબ હોવા છતાં પૈસા કરતાં વિદ્યાને વધુ મહત્વ આપ્યું. રાજાએ તેને રાજચેદનો સહાયક બનાવ્યો અને ગરીબાઇ દૂર કરવા માટે ધન આપ્યું. રાજચેદનો સહાયક બન્યા પછી પણ તે કોઇ જાતના અભિમાન વગર જરૂરિયાતવાળા લોકોને મદદ કરતો રહ્યો. થોડા વર્ષો પછી તે રાજચેદ બન્યો, પણ તેના જાદુઇ ગેડીદડાને કદી ના ભૂલ્યો.

પ્રિયાંશી શાહ "પાખી"

- વાર્તાઃ- ચકુડી....

- ધડામ.... જોરથી અવાજ આવ્યો..અને બારીના કાચ તૂટી ગયો.... આચાર્યાએ એ જ તૂટેલી બારીમાંથી બહાર જોયું. છોકરાઓ અને છોકરીઓ ક્રિકેટ રમતા હતા. બધાને કેબીનમાં બોલાવ્યાં . ચુચી આંખ કરીને ગુસ્સામાં બોલ્યા કોણે કાચ તોડ્યો? સાચું બોલો નહી તો કડક સજા કરીશ...બધાં ચુપ...બોલો છો કે નહી ? કોઈ ને આજે ઘરે નહી જવા દઈશ. સાચું બોલો તો ઇનામ આપીશ એમ નરમાશથી કહ્યું. પણ કોઈ બોલ્યું નહી એટલે ઘાંટો પડી બોલ્યાં બોલો છો કે પેરન્ટસને બોલાવું ? અને એક ખૂણેથી અવાજ આવ્યો ગભરાતાં સૂરમાં " મેડમ મેં તોડ્યો છે " અને બધાંની નજર એ અવાજની દિશામાં ગઈ . તો એ અવાજ હતો ચકુડીનો....મેડમ ગુસ્સાભરી નજરથી એને પાસે બોલાવી . બધાંની આંખમાં ભય ડોકાયો...ખલાસ હવે ચકુડીનું આવી બન્યું, મેડમે કરડાકીથી બધાં વિદ્યાર્થીઓને બહાર કાઢયાં . ચકુડી ને કહ્યું "સામે ફૂટપટ્ટી દેખાય છે ?

" "હા "

તેની ઉપર જાડી ચોપડી દેખાય છે ?"

"હા "

"તે લઇ આવ "

"જી"

ચકુડી ને થયું કે મર્યા આજે મારું આવી બન્યું. મેડમે પાસે બોલાવી કહ્યું " હાથ આગળ કર " અને એ માર સહન કરવાં માટે આંખ મીચી અને આશ્ચર્ય થયું હાથમાં માર નહી પણ ભાર પડ્યો. જોયું તો હાથમાં પુસ્તક હતું. મેડમ હસતાં હતાં. અને કહ્યું " આ તારી પ્રામાણિકતાનું ઇનામ છે. જીંદગીમાં હમેશા સાચું જ બોલજે.. અને હા આ પુસ્તકમાં બોધ પ્રેરક વાર્તા છે .તને તો હજુ વાંચતા નહી આવડશે પણ મમ્મી પપ્પાને કહેજે કે રોજ એક વાર્તા આમાંથી વાંચી સંભળાવે.. " ચકુડી તો દોડતી ને ભાગતી ઘરે આવીને બધી વાત મમ્મીને કહી. અને ઇનામ પણ બતાવ્યું.

અને રાત પડવાની રાહ જોવા લાગી. ક્યારે મને કોઈ વાર્તા સંભળાવે...રાતે પપ્પા પાસે ગઈ અને કહ્યું "પપ્પા, આમાંથી એક વાર્તા વાંચી સંભળાવો " પપ્પા ગુસ્સે થઇ ગયા ," હું આખા દિવસનો થાકી ગયો છું .મને ઊંઘવા દે . તારી મમ્મી પાસે જ " મમ્મીએ કહ્યું , " મારી પાસે તો આવતી જ નહિ. આખા દિવસનાં કામનાં ઢસરડા કરીને હું ખુબ થાકી ગઈ છું તારા ભાઈ પાસે જા." ભાઈ એ કહ્યું , એ ચકુડી ભાગ અહીંથી એક ઢોલ મારી દઈશ મારી પાસે આવી છે તો મારે કોલેજનો પ્રોજેક્ટ બનાવવાનો છે " અત્યાર સુધી ચકુડી અલક ચલાણું મેદાન પર જ રમતી હતી પહેલી વાર એ ઘરમાં રમી..રડમસ ચહેરો લઈને એક ખૂણામાં બેસી ગાઈને રડવા લાગી. ત્યાં એને માથે હેતથી હાથ ફર્યો..જોયું તો દાદીમાં હતા... "કોઈની પાસે સમય નથી ? મારી પાસે છે દીકરા ચલ હું તને વાર્તા કહું " તારી ચોપડીની બધી વાર્તા મેં વાંચી નથી પણ જીવી છે .પહેલાંના સમયમાં લોકો પાસે ઘડિયાળ નહોતી પણ સમય હતો આજે દરેક પાસે ઘડિયાળ છે પણ સમય નથી મારા દીકરા..ચલ હું તને સસલા ને કાચબાની વાર્તા કહું .....અને વાર્તામાં છેલ્લે કાચબાની જીત થાય છે એમ સાંભળી ને દાદીના ખોળામાં જ સુઈ ગઈ. ઘસઘસાટ... સવાર પડી ને મમ્મીની બુમ સંભળાઈ "ચકુડીઈઈ ઉઠ રિક્ષા આવી જશે.." ચકુડીનાં મનમાં કાચબો ભરાઈ ગયો હતો કે જે ધીરજ થી કામ કરે તે જ જીતે.. એટલે એણે મમ્મીને કહ્યું " મમ્મી હું તો કાચબો છું ધીમે ધીમે ધીરજ થી કામ કીસને જીતી જઈશ સસલા સામે. મમ્મી ગુસ્સે થઇ ગઈ ચલ હવે એકદમ એને ઊંચકી ને બાથરૂમ માં લઇ ગઈ ને ડોલ પાણી નાખીને નવડાવી દીધી. જેમતેમ સ્કુલ ગઈ તો ત્યાં પણ ધીમે ધીમે ગઈ એટલે ટીચર ખીજવાયા ચકુડી ખબર છે ને આજે સરપ્રાઈઝ ટેસ્ટ છે . ? બધા ને પ્રશ્ન પત્ર આપ્યું. ચકુડી તો ધીમે ધીમે લખે એના મનમાં એવું જ ઠસી ગયેલું કે કાચબો જ અંતે જીતે. એમાં ને એમાં એનું પેપર રહી ગયું. ચકુડીનાં આ વર્તનથી નારાજ ટીચર એને આચાર્યા પાસે લઇ ગયાં. અને બધી વાત કહી . ચકુડીને પૂછ્યું તો એણે કાચબા બનવાની વાત કરી. એટલે મેડમે બહુ જ પ્રેમથી એને સમજાવ્યું કે :' જો દીકરા જીંદગીમાં સફળતા મેળવવી હશે તો એકલા કાચબા જ નહી બનવાનું પણ સસલા જેવી ઝડપ પણ લાવવાની...સંતુલન રાખવાનું દરેક કામમાં તો જ સફળ થઈએ . પરિક્ષામાં સસલાની ઝડપે યાદ રાખવાનું અને કાચબાની રીતે ધીરજથી ઉતાવળ કર્યા વગર લખો તો પહેલો નમ્બર આવે. સસલાની માફક આળસુ થઈને સુઈ નહી રહેવાનું . સંતુલન જાળવશો તો જ સફળ થશો". ચકુડીને સમજાઈ ગયું કે વાર્તાની સમજણ તો જીવનમાં ઉતારીએ તો જ આવે . ખાલી ગોખણપટ્ટીથી પાસ થવાય પણ સમજુ નહી થવાય.

(દિલીપ વી ઘાસવાલા.)

"પડે તેવી દેવાશે"રૂપાણીની અમાનવીય અખતરા રૂપી સરકાર .ભાગ–૫ : પ્રદીપ રાવલ

પ્રિન્ટ મીડિયા તેમજ ઇલેક્ટ્રોનિક મીડિયા ના તમામ લોકો સવાર થી સાંજ અને ૨૪ કલાક સરકાર ના અને પ્રજાના સેન્સેટીવ સ્પોટ ઉપર જઈને પણ ન્યુઝ લાવી પ્રજાના ઘરે ઘરે પહોંચાડી છે અને તમામ રાજકીય. બિનરાજકીય અને કહેવાતા પ્રજા સેવકો પણ ઘેર બેઠા બધાજ સમાચારો મેળવે છે. સરકારી નિર્ણયો ને પણ પ્રાધાન્ય આપી રોજ લાઈવ પ્રેસ બતાવાય છે. તેમ છતાં એક માત્ર મોદી મીડિયા વિરોધી નીતિ ને કારણે આજે મીડિયા ને ફ્રન્ટ લાઈન વોરિયર્સ માં સરકારે સમાવેશ કરેલ નથી .કૈં કોઈ પણ જાતનું કોરોના રાહત પેકેજ પણ આપેલ નથી આવું અમાનવીય કૃત્ય રૂપાણી સરકાર ૪૦ દિવસ થી કરી રહી છે..મે તંત્રી તરીકે cmo ને ચાલુ પ્રેસ માં ત્રણ વખત રજુવાત કર્યા છતાં સ્ટેમ્પ મુખ્યમંત્રી દિલ્હીની તેમના આકાઓ ની મંજુરી મેળવવામાં નિષ્ફળ ગયા છે કે કોઈ માહિતી ખાતાના સજ્જન અધિકારી પણ સરકાર ને આં બાબતે સમજાવવામાં નિષ્ફળ રહ્યા છે. હાલમાં ૧૩ પત્રકારો પોઝિટિવ કેસ બની ચૂક્યા છે તેમજ એક પત્રકાર નું થાઈરોઈડ.આર્થિક સંકડામણ માં મૃત્યુ પણ નીપજ્યું છે..હું પ્રદીપ રાવલ પોતે પણ મુખ્યમંત્રી કાર્યાલય ની બેદરકારી નો ભોગ બની ને ઇમરાન ખેડવાલાનની પ્રેસ માં હાજર હોવાથી આજે ૧૪ દિવસ હોમ કોરેન ટીન થઈ ચૂક્યો છું. .પ્રદીપ રાવલ તંત્રી.ન્યુઝ ઓફ ગાંધીનગર દૈનિક. ગાંધીનગર

આ સરકાર ખેડૂતો અને શ્રમિકો નો દુશમન બની ને માનવતા નું ઘોર પાપ કરી કોઈ ની આંતરડી બાળી રહી છે..સદંતર પર પ્રાંત ના લોકો ને વતન પોતાના પૈસે મોકલવાની વ્યવસ્થા કરવામાં પણ સરકાર નિષ્ફળ રહી.અને બધી જ બોર્ડર ઉપર શ્રમિકો અટવાયા ના વિડિઓ છે. સરકાર ના કોઈ અધિકારી નું સંકલન નથી કે બીજા રાજ્ય ના વહીવટી તંત્ર સાથે સંકલન કરી શ્રમિકો ને ઘેર પહોંચાડી શકે..૧૬ સનદી અધિકારીઓ ને સોપેલી સદંતર કાર્યવાહી નિષ્ફળ નીવડી. રૂપાણીજી એ આં બેદરકારી સ્વીકારવી જોઈએ. એક પણ માનવતા ના પાપીઓ સમાન કહેવાતા ભાજપ ના છાસવારે બૂમ બરાડા પાડવા ભગવી વેશભૂષા માં ચોરે ને ચૌટે દેખાતા કાર્યકરો કે સંગઠન ના પદાધિકારીઓ.ધારાસભ્યો , નેતાઓ કે દલાલ સામાજિક પોઠિયા ઓનાં મોમાં મગ ભર્યા હોય અને જાણે ભ્રષ્ટાચાર ની ખીચડી પચી ના હોય તેમ બોલતા નથી કે બહાર આવતા નથી કે કાઈ બોલી શકતા નથી ..કેમકે હવે જાણે કે કોરોના તેમના ઘરો ની મુલાકાતે નીકળી હોય તેવા ડરી ગયા છે. અત્યાર સુધી મા ચૂંટાયેલા નગર સેવકો ૪૦ થી વધારે સિનિયર ઘેર પથારી માં ૧૦૧ ના તાવ થી ઝૂલી રહ્યા છે. તોયે પાપ કરવાનું હજુ છોડતા નથીપઆમને નલિયા સંસ્કૃતિ અને તેમના આકાઓ નું ગુજરાત ૧૨ વર્ષ નું શાશન કોઠે પડી ગયું છે. ભગવાન બચાવે આવા રંગીન રાજકીય ભાજપ ની જમાત થી આં પ્રજાજનો નેપઅંત મા હવે વિરોધ પક્ષ વાળી કોંગ્રેસ રહી રહી ને સોનિયા ગાંધી બોલ્યા કે દેશ માં શ્રમિકો ને વતન પહોંચાડવાની ટિકિટો નો ખર્ચ સ્થાનિક રાજ્ય પ્રદેશ કોંગ્રેસ ના સત્તાવાળાઓ કરેપ બોલો શ્રમિકો ઉપર નું રાજકારણ શરૂ થયુંપસરકાર ગરીબો ઉપર તો ૪૦ દિવસ થી રાજકીય સખાવત નો રોટલો શેકે છે હવે શ્રમિક હતા અને ખેડૂતો ને તો કુદરત અત્યારે સાચવી રહી છે કે જેમાં સરકાર સદંતર નિષ્ફળ છે. વાહ રે અભણ સરકાર ના મુરતિયાઓ વાહ. શું રાજકીય અમાનવીય ખેલ બતાવો છોપપબસ પ્રજા ની સહન શક્તિ ખૂટી જશે ત્યારે જોજો આં ભાજપ કે કમળ ની દંડી વાલો કે પંજા વાલો તમને ક્યાંય રસ્તે રઝળતો પણ જોવા નહિ મળેપ.અને જોવા જેવી થાસે એ દિવસો હવે દૂર નથી દેખાતાપ.સરકારે સૌ પહેલા તેના તમામ સરકારી પગાર વાળા વોરિયર્સ(મીડિયા સિવાયના) ને આર્થિક ૨૫ લાખ નું પેકેજ આપી સાચવી લીધા છે..અને તેમના ઉપર પુષ્પ વર્ષા પણ કરાવી. હવે ગરીબો અને શ્રમિકો ની પેટ ની આંતરડી કોણ ઠારશે તે જોવાનું રહ્યું.

નફ્ફટ,લાજ,શરમ,ઈજ્જત જેવું કાઈ હોય તો સરકાર દરેક જિલ્લા માં શ્રમિકો ની છાવણી બનાવી જિલ્લા વહીવટી તંત્ર ને તેમને ફૂડ પેકેટ આપી ચૈકલ્પિક વ્યવસ્થા ના થાય ત્યાં સુધી માનવીય ફરજ નિભાવેપછેલ્લા ૪૦ દિવસ થી તમામ રાજ્યો ના માનવીય જીવદયા ના દાતાઓ દ્વારા અસંખ્ય જગ્યાએ અન્ન કેન્દ્રો અનાજ ની કીટ જીવન જરૂરિયાત ચીજ વસ્તુઓ નું વિતરણ થયુંપસરકાર ઉપર નભતા લાલચુ ઉદ્યોગો ના માલિકો.યુનિયન.અને સરકારી પોઠિયા સમાન લોક સેવકો એ રૂપાણી ને સીએમ ફંડ માં ચેક આપી ફોટા પડાવી પ્રસિદ્ધિ લીધી અને હવે તમામ ભાજપના કાર્યકરો જાણે ભૂગર્ભ માં ઉતરી ગયા હોય તેમ શ્રમિકો બાબતે બહાર આવતા ફફડે છે.કેમકે આ પેટ ની આગ બહુ ખરાબ હોય છે અને તે જીવ પણ લેતા વિચાર ના કરે તેવા કિસ્સા બન્યા છે. પોલીસ નાહક ની ઘર્ષણ માં આવે છે.અને જવાબદારી વાળા બંધ કેબિનો માં બેસી હાઈ પાવર કમિટી ની બેઠકો માં નિર્ણયો લઈ ગોદી મીડિયા થી પ્રસિદ્ધિ કરાવે છે..હવે સંસ્થાઓ પાસે પણ કીટ.અને અન્ન ની અછત વર્તાય છે. સરકાર ના મામલત દારો,તલાટીઓ અત્યાર સુધી સંસ્થાઓ ના ખભે વહેચ્યું હવે તે પણ નવરા થઈ ગયા. સરકારે માત્ર ગરીબો અને કાર્ડ વાળા ને અનાજ આપ્યા અને તેમના ખાતા મા ૫૦૦ .૧૦૦૦ રૂપિયા આપ્યા છે..માત્ર વ્યવસ્થા ના નામે સરકારે ડિંડક કર્યું છેપસેવા ભાવિ સંસ્થાઓ એ ૪૦ દિવસ થી પોતાના સ્થાનિકો ને સાચવ્યા છે. શું સરકાર પાસે આકસ્મિક ફંડ નથી? ઉઘરાવી ને જ આપી શકે?પપપ્રજાના દાતાઓ ની મૂડીનો હિસાબ જો આં શાસકો નહિબાપે તો કોરોના નો બાપ હવે આવીને આં શાસકો ના ગળા પકડશે તે નક્કી..કેટલી નીચલી કક્ષાએ આં સરકાર અને તેના અમાનવીય પ્રવૃત્તિઓ કરતા લોકો જઈ રહ્યા છે તે અત્યારે દેખાઈ આવે છે. આં કેવલ પ્રજાકીય પાપ માંથી કોણ મુક્ત કરાવશે.ક્યાં ગયા કહેવાતા મોદીજી ના ઘૂંટણિયે એવોર્ડ અને પદ્મ શ્રી લેવાની લાઈનો લગાવતા ધાર્મિક ગ્રંથ ગુરુઓ કે જે આખો દિવસ પોતાની ધાર્મિકવાણી ને અટકાવી નહોતા શકતા,ક્યાં ગયા એ સાહિત્યકારો મે જેને મોદીજી ના સંપાદક બની પદ્મ શ્રી મેળવી શિકેશ માં કેદ કરી પ્રજાની વાહ વાહ લૂંટી..ક્યાં ગયા એ ઘૂંટણિયે પડતા ઉદ્યોગપતિઓ કે જેમને મોદીજી ની ચૂંટણી માં તિજોરીઓ ખુલ્લી મૂકી દીધી હતી પ .સત્તાધીશો તેમની ચૂંટણી માં રેલવે.બસો નો બેફામ મફત મા ઉપયોગ કરી ચૂક્યા છે..વિદેશ થી લોકો ને લાવવામાં પણ બેફામ નાણાકીય વ્યય કરી ચૂક્યા છે તો શ્રમિકો ને આંતર રાજ્ય વતન મોકલવા ટ્રાન્સપોર્ટ ફ્રી ના કરી શકે?વિદેશ થી રાજનેતાઓ અને સનદી અધિકારીઓ ના પુત્ર.પુત્રીઓ.જમાઈઓ માર્ચ મહિનામાં પહેલા વિક માં દેશ માં ઉતરી ગયા અને તેમના ચેક અપ ક્યાં થયા? કોરોન્ટીન પીરીયડ ઘરમાં સંતાડી. ને આંકડા છુપાયાપકોઈ તેમની ઉપર કેસ પણ કરવામાં આવ્યા નહિપસંપૂર્ણ સજ્જ સરકાર છે અને કોરોના કાબૂમાં આવી જશે ના બહાનાઓ પ્રજાને બતાવી આજે લોક ડાઉન વધારવામાં આવ્યું અને પ્રજાને અશિક્ષિત શાશન ના ભોગે ગુમરાહ કરી અસંખ્ય શિક્ષિત ડોકટરો અને સામાજિક બુદ્ધિજીવીઓ હોવા છતાં કોઈ ના સલાહ સૂચનો લેવામાં ના આવ્યાપ. મધ્યમ વર્ગ ના ઘરમાં જીવવાના પૈસા પણ ખૂટી પડશે તે પહેલાં સરકાર કોઈક એક્શન પ્લાન બનાવે નહિ તો પ્રજા નો દાવાનળ ફાટશે તો આર્મી ઓછી પડશે તે નક્કીપપએક હિ આગ જન ફરિયાદ.ન્યુઝ ઓફ ગાંધીનગરપ.પ્રદીપ રાવલ.આખે દેખેલ પ્રજા હિત માં અનુભવે અહેવાલ પ્રસ્તુત..ગાંધીનગર ૯૮૨૪૬૫૩૦૭૩

અમદાવાદ ગ્રામ્યમાં ૨૫૧૧ મકાનના ૯૨૮૪ લોકો કન્ટેઈન્મેન્ટ ઝોનમાં

અમદાવાદ,તા.૦૪

અમદવાદ જિલ્લા કલેક્ટરે મહત્વનો નિર્ણય લીધો છે. કોવિડ ૧૯ ને અટકાવવા અમદાવાદ ગ્રામ્ય વિસ્તારના કોવિડ પોઝીટીવ વિસ્તારને કન્ટેઈન્મેન્ટ વિસ્તાર અને તેની આસપાસના વિસ્તારને બફર ઝોન જાહેર કર્યા છે. ૨૫૧૧ મકાનની ૯૨૮૪ વસ્તી ને કન્ટેઈન્મેન્ટ જાહેર કરાઈ છે. આ વિસ્તારમાં ૨૮ પોઝીટીવ કેસ મળી આવ્યાં છે. ૩૨૬૬ મકાનની ૧૧૮૮૩ વસતીને બફરઝોનમાં મુકાઇ. જેતલપુરના પ્રજાપતીવાસ અને દરબારવાસ કન્ટેઈન્મેન્ટ વિસ્તાર જાહેર કરાયા. આજ ગામના રાવળવાસ,ઉંડી ફળી,ઉમિયા ફળી રબારીવાસ સ્વામીનારાયણ મંદિર,ભાઈવાસ,ઠાકોર વાસ,નવી ફળી, રૂપાફળી,આઝાદફળી ગંગામાનો ઓરડો અને રામજી મંદિર બફર ઝોન જાહેર કરાયા છે.

બોપલના પ્રશાંતીહોમ,સાગરીકા એપાર્ટમેન્ટ,ભગવતી કૃપા,મદનમોહન બંગલોઝ,આનંદ બંગલોઝ, શિવકૃપા,કમલેશ્વર,યશકૃપા, યશ રો હાઉસ શુગન મોરલ, કદમફ્લેટ,પરમધામ ફ્લેટ અને ઈસ્કોન ફ્લેટ કન્ટેઈન્મેન્ટ અને તેની આસપાસનો વિસ્તાર બફર ઝોન જાહેર કરાયા છે. બારેજાની હરીદર્શન સોસાયટી કન્ટેઈન્મેન્ટ અને હરી સોસાયટી અને હરીકૃપા સોસાયટી બફર ઝોન જાહેર કરાયા છે. ઓડની મેલડી માની ઓડી અને ભોઇ વાસ કન્ટેઈન્મેન્ટ તથા દરબાર વાસ અને વાલ્મીકી વાસ બફર ઝોન, વાંચ ગામનો ઓડ વાસ કન્ટેઈન્મેન્ટ અને રબારી પ્રજાપતી વાણીયા તથા તીરગર વાસ બફર ઝોન, કઠવાડના ઔડાના મકાનનો ક્યુ બ્લોક કન્ટેઈન્મેન્ટ અને ઓ તથા પી બ્લોક બફરઝોન, હુડકોના એબીસી બ્લોક તથા ૨૩૧ અને ૨૮૨ કન્ટેઈન્મેન્ટ વિસ્તાર જાહેર કરાયા છે. જ્યારે એબીસી ૨૯૩ અને ૩૦૨ બફરઝોન જાહર કરવામાં આવ્યાં છે. ગત્રાડના ગોહિલ વાસ અને પ્રજાપતિ વાસ કન્ટેઈન્મેન્ટ વિસ્તાર તથા ખારવા મોટા ઘરો અને વણકર વાસ બફર ઝોન, ધોળકાનો મ્યુ ગોલવાડ કન્ટેઈન્મેન્ટ વિસ્તાર અને ગંજીયાવાડ તથા શાક માર્કેટ બફર ઝોન, કેરાલાની બી આર સ્ટીલ પ્રાઇવેટ લીમીટેડ કન્ટેઈન્મેન્ટ તથા કેરાલા નવું પરુ બફર ઝોન જાહેર કરાયા છે.

મુખ્યમંત્રીશ્રીએ કેન્દ્રીય ગૃહમંત્રી સમક્ષ કરેલી રજૂઆતનો સફળ પ્રતિસાદ

કોરોના વાયરસ કોવિડ-૧૯ની ઈન્ટરનેશનલ કલીનીકલ ટ્રાયલ સોલીડારિટી ટ્રાયલ માટે ગુજરાતને મંજૂરી

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં કોરોના કોવિડ-૧૯ વાયરસની સોલીડારિટી ટ્રાયલના પ્રયોગો હાથ ધરવા માટે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહ સમક્ષ કરેલી રજૂઆતને સફળતા મળી છે.

કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ ગુજરાતમાં આવી સોલીડારિટી ટ્રાયલ માટે અમદાવાદની બી.જે.મેડિકલ કોલેજને અનૂમતિ આપી છે અને વધુ ૪ હોસ્પિટલોની આવી મંજૂરી-અનૂમતિની પ્રક્રિયા-કાર્યવાહિ પ્રગતિમાં છે.

બી.જે.મેડિકલ કોલેજને ભારત સરકારે અનુમતિ આપતા ત્યાં કોવિડ-૧૯ પેશન્ટસના રજીસ્ટ્રેશન આવા ટ્રાયલ ટેસ્ટ માટે શરૂ થઇ ગયા છે.

આ સપ્તાહમાં આવી મંજૂરી મળી જતાં રાજયની રાજયની વધુ ૪ હોસ્પિટલો એસ.વી.પી. અમદાવાદ, જી.એમ.ઇ.આર.એસ મેડીકલ કોલેજ ગોત્રી-વડોદરા, ગવર્મેન્ટ મેડીકલ કોલેજ અને ન્યૂ સિવીલ હોસ્પિટલ સુરત, તેમજ પી.ડી.યુ. મેડીકલ કોલેજ રાજકોટની આ હોસ્પિટલોમાં પણ કોવિડ-૧૯ પેશન્ટસ રજીસ્ટ્રેશન કરીને ૪ જેટલી દવાઓના ટ્રાયલ ફોર ટ્રીટમેન્ટ – સોલીડારિટી ટ્રાયલ શરૂ કરી દેવાશે.

જે ૪ દવાઓના આવા પરિક્ષણો-ટ્રાયલ થવાના છે તેમાં Remdesivir, Lopinavir, Interferon (beta 1 a) અને hydroxychlrooquine અથવા Chlrooquine નો સમાવેશ થાય છે.

કોરોના વાયરસ કોવિડ-૧૯ના રોગની ઈન્ટરનેશનલ કલીનીકલ ટ્રાયલ 'સોલીડારિટી ટ્રાયલ' વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અને તેના અન્ય સહયોગીઓ દ્વારા ૧૦૦ થી વધુ દેશોમાં અમલી બનાવવામાં આવી રહી છે.

ભારતમાં પણ આવી સોલીડારિટી ટ્રાયલ ઈન્ડીયન કાઉન્સીલ ઓફ મેડીકલ રિસર્ચ WHO ની સહભાગીતાથી હાથ ધરવાનું છે.

ગુજરાતમાં પણ આ સોલીડારિટી ટ્રાયલના પ્રયોગો હાથ ધરવા મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઇ શાહને રજુઆત-વિનંતી કરી હતી.

મુખ્યમંત્રીશ્રીની આ વિનંતી-રજુઆતનો સાનુકૂળ પ્રતિસાદ આપતાં ભારત સરકારે ગુજરાતમાં પણ આ સોલીડારિટી ટ્રાયલ કરવાની સ્વીકૃતિ આપી છે.

આ પ્રયોગો-ટ્રાયલને પરિણામે કોરોના કોવિડ-૧૯ રોગ સામે ઝડપથી અસરકર્તા યોગ્ય દવા મળી રહેશે.

એટલું જ નહિ, સંક્રમિતોના ત્વરિત સાજા થવાની સંભાવનાઓ પણ વધી જશે.

સીએમ-પીઆરઓ/અરૂણ

રાજકોટ માં સરકારી સંકલન ના અભાવ નો કોંગ્રેસ નો આક્ષેપ

રાજકોટ શહેર-જીલ્લામાં સરકારી તંત્રમાં સંકલનનો અભાવ કલેકટર-પોલીસ-મહાનગરપાલિકા વચ્ચે જવાબદારીઓની ફેંકાફેંકી થઇ રહી અને જેને જવાબદારી સોંપી છે તે નિષ્ઠાપૂર્વક કામ કરવાને બદલે ફોટોસેશન કરી મુખ્યમંત્રીશ્રી અને સરકારને સારું લગાડવા માટે સારા રીપોર્ટ મોકલે છે જેના કારણે જ રાજકોટ રેડ ઝોનમાં હોવા છતાં ઓરેન્જ ઝોનનો રીપોર્ટ આપીને ફરીથી નિયમો રેડ ઝોનના પાડવા તો આમાં તંત્ર શું કહેવા માંગે છે ? – કોઈપણ જાતની સીધી ગાઈડલાઈનના હોવાથી પ્રજા વ્યથિત અને હેરાન પરેશાન થાય છે જેના કારણે પ્રજા દુઃખી થઈ છે.

જંગલેશ્વર વિસ્તારમાં અભેદ કિલ્લેબંધીનું દાવો કરતુ તંત્ર કરફ્યું અને લોકડાઉન હોવા છતાં હેરોઈન અને નશાકારક દ્રવ્યોનું ખુલ્લેઆમ વેંચાણ અને ત્રણ ત્રણ વખત ડીલેવરી લેવડદેવડ થવા છતાં કઈ થયું નથી. એ ઉપરાંત લોકો પણ ભાગી ગયા તો તંત્રની કિલ્લેબંધી ઉપર ભરોસો કરવો કે કેમ?

કલેકટર દ્વારા પાસ ઈશ્યુ કરાયા હોવા છતાં પાસ ધારકોને હેરાન કરી અને પોલીસ સ્ટેશનમાં બેસાડી રખાય છે તો આને સંકલનનો અભાવ ગણવો કે શું?ઈ પોલીસ પોતે જ મુખ્યમંત્રીશ્રીના વિસ્તારમાં રાત્રે વેપારીઓને ઘરેથી ઉપાડી , દુકાનો ખોલાવી અને ભાજપની સાંઠગાંઠ સાથે પ્રાઈવેટ ગાડીઓમાં માલ ભરી દાદાગીરી થી લઇ જવો આને શું લોકશાહી કે સરમુખત્યાર શું કહેવાય?

સૌરાષ્ટ્રમાં અને ખાસ રાજકોટમાં લોકડાઉનના ભંગ ના જે કોઈ વિવાદો થયા એ ભાજપના આગેવાનો ના નામે થયા જેવાકે દાદાગીરી કરવી, લોકડાઉનના નિયમોનો ભંગ કરવો, જાહેરનામાનો ભંગ કરવો વગેરે તમામ પ્રકારના સરકારે બનવેલા અને અમલમાં મુકેલા નિયમોનું ભાજપના નેતાઓ દ્વારા ખુલ્લેઆમ ભંગ થઇ રહ્યો છે જયારે કોંગ્રેસ તો બંધારણની કલમો અને સરકારે બનાવેલા નિયમોનું ચુસ્ત પણે પાલન કરી રહી છે અને આ કપરા સમયમાં લોકોને ખભેખભા મિલાવી હર હમેશ ઉભી રહી છે.

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા આજરોજ પરપ્રાંતીય મજુરોને પોતાના વતનમાં જવા માટે ઓનલાઈન ફોર્મ છે જે અંગ્રેજીમાં છે આ મજુરો ને અંગ્રેજી કે ગુજરાતી આવડતું ન હોય અને સ્માર્ટફોન અને ટેકનીકલ નોલેજ ના ધરાવતા હોય તેમજ રોજેરોજનું લાવી અને ખાનારો વર્ગ હોય આ વર્ગના લોકો માટે રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા એક હેલ્પલાઈન શરુ કરવામાં આવી છે જે ઓનલાઈન ફોર્મ ભરવામાં મદદ કરશે.

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા આ હેલ્પલાઈન નંબરો જાહેર કરવામાં આવેલ છે તેમજ રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અશોકભાઈ ડાંગર અને રાજકોટ મહાનગરપાલિકાના વિરોધપક્ષના નેતા વશરામભાઈ સાગઠીયાના માર્ગદર્શન હેઠળ કામગીરી કરવામાં આવી રહી છે.

મોબાઈલ નંબર..૧.રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ

૭૫૭૫૦૭૬૯૭૭..૨.વિરલ ભટ્ટ ૯૩૭૭૭૩૦૫૫૫.. ગોપાલ મોરવાડીયા.૮૦૦૦૩૧૨૩૧૪.. ૪.અંકુર.માવાણી..૯૭૧૨૬૬૬૪૬૪. ૫.ગૌતમભાઈ.૯૭૨૭૪૫૪૭૮૫. ૬ . અ ા શ ્ ા ્ સ હ વાઢેર.૯૯૯૮૨૦૦૦૧૧..૭ . ન ી લ ે શ ભ ા ઈ ભાલોડી.૭૮૧૭૦૮૮૦૦૧..૮ . ક મ લ ે શ કોઠીવાર..૯૯૦૪૫૦૦૦૦૧..૯ . નરેશભાઈ પરમાર,,૯૯૦૪૮૧૮૮૧૮

આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ,રાષ્ટ્રીય બજરંગ દળ હિંમતનગર ટીમ દ્વારા ૧૫૦૦ થી વધુ લોકો ને જમાડવામાં આવ્યા

શહેરના તમામ વિસ્તારોમાં ગરીબ,ભીક્ષુક, અને જરૂરિયાત મંદો સુધી ભોજન પાર્સલ કરી પહોચાડવામાં આવી રહ્યા છે આજે ૩/૫/૨૦૨૦ રવિવાર સવારે મગ નુ શાક પુરી તથા રોટલી અને ૭૪૦ થી વધુ જરૂરિયાત મંદો અને સાંજે પુલાવ નુ ભોજન ૭૬૦ થી વધુ લોકો સુધી પહોંચાડવામાં આવ્યુ આજે શહેર ની સ્વસ્તિક સોસાયટી, અંકુર સોસાયટી, સ્નેહલ સોસાયટી, દિવ્ય સોસાયટી, મહાવીરનગર સોસાયટી માંથી અમને મદદ રૂપ થવા ૫૦૦ થી વધુ રોટલી બનાવતી આપી હતી.

નોંધ :-AHP હિંમતનગર શહેર ઉપાધ્યક્ષ ગૌરવભાઈ દરજી ના ધર્મપત્ની બિંદીયાબેન દરજી નો આજે જન્મદિવસ નિમિત્તે મોહનથાળ બનાવી જમાડવામાં આવ્યા કનકસિંહ ઝાલા (અધ્યક્ષ)રાષ્ટ્રીય બજરંગ દળ સાબરકાંઠા જિલ્લા નોધઃ- આપ પણ આ ભગીરથ કાર્ય માં સેવા આપી સહભાગી બનશો સેવા આપવા અમને phone pae, Googal pay, 9925370450 પર સંપર્ક કરો.

મોડાસાના કુડોલ ગામમાં દીપડાએ બાળપશુનું મારણ કર્યું

ત્રણ દિવસથી દીપડો દેખાતા આસપાસના ગામોમાં ભયનો માહોલ

(અરવલ્લી બ્યુરો)

હાલ ઉનાળાની ગરમી આકરી બની રહી છે. ત્યારે જંગલોમાંથી હિંસક પશુઓ પોતાનો ખોરાક તેમજ પાણીની શોધખોળ કરતાં કરતાં ગામોમાં પણ આવી પહોંચતા હોય છે ત્યારે છેલ્લા ત્રણેક દિવસથી એક દીપડો મોડાસાના કુડોલ ગામની આસપાસ દેખા દઈ રહ્યો હોવાનું ગ્રામજનોએ જણાવ્યું હતું. જ્યારે એક બાળપશુનું મારણ પણ દીપડાએ કર્યું હોવાનું લોકોએ જણાવ્યું હતું.

અરવલ્લી જિલ્લામાં પૂર્વ પટ્ટો લગભગ જંગલોવાળો પટ્ટો છે. આ વિસ્તાર ડુંગરાળ અને ઝાડીયુક્ત હોય જંગલોમાં હિંસક પ્રાણીઓ હોય છે. હાલમાં ઉનાળો આકરો બન્યો છે સાથે કેટલીક વાર જંગલોમાં આગ ભભૂકી ઉઠવાની પણ ઘટનાઓ બનતી રહે છે ત્યારે આવા જંગલી પ્રાણીઓ ખોરાકપાણીની શોધમાં ગામડાઓ તરફ વળી જતા હોવાના કિસ્સાઓ સામે આવે છે. ત્યારે છેલ્લા ત્રણેક દિવસથી મોડાસાના કુડોલ પંથકમાં દીપડો દેખાતો હોવાની વાતો ગ્રામજનો કરી રહ્યા છે. બીજી બાજુ ગઈ રાત્રીના રોજ કુડોલના પટેલ બાબુભાઈ રામાભાઈના ખેતરમાં દીપડો આવ્યો હોવાનું ગ્રામજનો જણાવી રહ્યા છે. આ ખેતરમાં દીપડાના પગના નિશાન પણ જોવા મળ્યા હતા જયારે એક બાળપશુનું મારણ પણ દીપડાએ કર્યું હોવાનું ગ્રામજનો જણાવી રહ્યા છે. સાથે ગ્રામજનોએ દીપડાને પાંજરે પુરવા માટે પણ ઉગ્ર માંગ કરી છે. દીપડો દેખાવાના કારણે આસપાસના ગામોમાં પણ ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

અંબાજીના ૫ લોકો પાસે થી ૫૦૦૦ દંડ વસૂલ કરવામાં આવ્યો

શક્તિ પીઠ અંબાજી ગુજરાત નું લોકપ્રિય શક્તિપીઠ છે અંબાજી હાલ બનાસકાંઠા જિલ્લામાં આવેલું છે આ જીલ્લો હાલ રેડ ઝોન મા આવે છે અંબાજી ખાતે હાલ એક પણ કોરોના વાઈરસ નો પોઝેટીવ કેસ નોંધાયો નથી ત્યારે અંબાજી ખાતે બહાર થી આવેલા લોકો મુસીબત ઉભી કરી રહ્યા છે આવોજ એક કિસ્સો પ્રકાશમાં આવતા વહીવટી અને પોલીસ તંત્ર દોડતા થયા હતા જેમા સુરત થી અંબાજી આવેલા પાંચ સોની પરિવાર ના સભ્યો પાસે પાંચ હજાર દંડ વસૂલ કરી તેમને સિરોહી જીલ્લા મા મોકલવામાં આવ્યા હતા સૂત્રો થી મળતી માહિતી પ્રમાણે અંબાજી ખાતે પાર્વતી વીલા બંગલો મા બે નંબર મકાન માં રહેતા ડાહ્યા ભાઈ સોની તાજેતર માં પોતાના પરિવાર ના પાંચ સભ્યો ને લઈ અંબાજી આવી તમામ લોકો ને હોમ કોરોનટાઈલ કરી આરોગ્ય વિભાગ માં જાણ કરી હતી, પરંતુ સોસાયટી ના સભ્યો દ્વારા ઉચ્ચકક્ષા એ રજૂઆત કરવામાં આવતા બહાર આવ્યુ હતુ કે આ લોકો સુરત થી સિરોહી નો પાસ કઢાવેલ હતો અને આ લોકો સિરોહી જવાની જગ્યાએ અંબાજી ખાતે રોકાઈ ગયા હતા આથી કુંભારીયા તલાટી કમ મંત્રી વિજય પટેલ દ્વારા સભ્ય દીઠ એક હજાર ના હિસાબે પાંચ સભ્યો નો પાંચ હજાર દંડ વસૂલ કરવામાં આવ્યો હતો, ત્યારબાદ ઉચ્ચ અધિકારી ઘટના સ્થળે આવી આ લોકો ને સિરોહી મોકલવામાં આવ્યા હતા, આ લોકો એ એક હજાર રૂપિયા રોકડા અને ચાર હજાર નો ચેક આપ્યો હતો.. અહેવાલ લક્ષ્મણ ઠાકોર અંબાજી

ભાજપ રાજયનાં અને રાજય બહારનાં તમામ શ્રમિકોનું સન્માન અને સંવેદના સાથેની વ્યવસ્થા અંગેની ચિંતા કરે છે. – ભરત પંડયા

પરપ્રાંતીય શ્રમિકોની ચિંતા કરીને સ્પેશ્યલ ટ્રેનની સુવિધા કરી છે અને તે અંગેનો ૮૫ ટકા ખર્ચ કેન્દ્ર સરકાર પોતે ભોગવી રહી છે ત્યારે શ્રીમતી સોનિયા ગાંધી અને કોંગ્રેસે ટિકીટ ભાડા આપવાની કરેલી જાહેરાતએ માત્રને માત્ર એક "રાજકીટ સ્ટંટ" છે ોંગ્રેસ કયારેય સેવામાં કે ધરતી પર નથી એટલે તેણે આ "રાજકીય સ્ટંટ" કરવાની જરૂર પડી છે. તેમ લોકોને લાગી રહ્યું છે. કોંગ્રેસ આ મુદ્દે ઉશ્કેરણીજનક રાજકારણ રમવાનો પ્રયાસ કરે છે. – ભરત પંડયા જે રીતે ચૂંટણીમાં "ઘરના ઘર" આપવાનું વચન આપીને લોકોને ફોર્મ ભરાવ્યાં હતાં તે રીતે આ ફોર્મ ભરાવવાનું નાટક છે. તેવું સ્પષ્ટ રીતે લોકો માની રહ્યાં છે. – ભરત પંડયા ોંગ્રેસ શ્રમિકોના ખાતામાં ટિકીટના ભાડાના પૈસા સીધા જમા કરાવે. પરંતુ કોંગ્રેસનો ઈરાદો માત્રને માત્ર અંધાધુંધી અને અરાજકતા ફેલાવવાનો છે. – ભરત પંડયા ગુજરાત ભાજપ પ્રદેશ પ્રવકતાશ્રી ભરત પંડયાએ જણાવ્યું હતું કે, ભાજપ રાજયનાં અને રાજય બહારનાં તમામ શ્રમિકોનું સન્માન કરે છે અને તેમની સંવેદના સાથેની વ્યવસ્થા અંગેની ચિંતા કરે છે. કેન્દ્ર અને રાજય સરકાર વિવિધ સહાય પેકેજ આપે છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શ્રમિકોની ચિંતા કરીને પૂરો પગાર આપવાની ઉદ્યોગકારોને અપીલ કરી હતી. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની રાજય સરકારે બી.પી.એલ, એ.પી.એલ. સહિત પરપ્રાંતીય લોકોનો સર્વે કરાવીને "અન્નબ્રહ્મ યોજના"માં અનાજની કિટ વગેરેની વ્યવસ્થા કરી હતી.

ભિલોડા પોલીસે હત્યારાઓને દબોચ્યા

કુડોલ ગામે બે ભાઈઓની નિર્દયી હત્યા કરનાર બંને હત્યારાને જંગલમાંથી ઝડપ્યા

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં લોકડાઉનમાં રક્તરંજિત ઘટના બનતા ચકચાર મચી હતી ભિલોડા તાલુકાના કુડોલ (સુંદરપુર) ગામમાં રહેતા રાજેન્દ્રભાઇ અને વિનોદભાઈ યુસુફ ભાઈ અસારી નામના બે સગા ભાઈઓની ગામનાજ આશીર્વાદ દાનિયલ પારધી અને તેના ઘરે રહેતા રાજસ્થાની યુવક ચંદ્રેશ ભુરજી કોપસાએ સામાન્ય બાબતમાં ઝગડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા બંને ભાઈઓની લોંખડની પાઈપ અને છરીના ઘા ઝીંકી હત્યા કરી નગ્ન અવસ્થામાં બંનેના મૃતદેહ ગામમાં નાખી હત્યારાઓ ફરાર થઈ જતા ભિલોડા પોલીસે બંને શખ્શો સામે હત્યાનો ગુન્હો નોંધી ગણતરીના દિવસોમાં ગામ નજીક આવેલા જંગલ વિસ્તારમાંથી ઝડપી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દઈ હત્યાના ગુન્હાનો ભેદ ઉકેલી નાખ્યો હતો

ભિલોડાના કુડોલ (સુંદરપુર) ગામના રાજેન્દ્રભાઇ યુસુફભાઇ અસારીની દીકરી પર ગામના આશીર્વાદ દાનિયલ પારધીના ઘરે રહેતો રાજસ્થાની યુવક ચંદ્રેશ ભુરજી કોપસા ખરાબ નજર રાખતો હોવાથી ગત રવિવારે રાત્રે રાજેન્દ્રભાઇ તેમના નાના ભાઈ વિનોદભાઈ યુસુફ ભાઈ અસારી સાથે આશીર્વાદ દાનિયલના ઘરે ઠપકો આપવા જતા ઝગડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા આશીર્વાદ દાનિયલ અને ચંદ્રેશ કોપસાએ લોંખડની પાઈપ અને છરી સાથે ખેતરમાં બંને ભાઈઓ પાછળ દોડી લોંખડની પાઈપ અને છરીના ઘા ઝીંકી હત્યા કરી દીધી હતી અને હત્યા છુપાવવા બંને હત્યારાઓએ મૃતક બંનેના કપડાં કાઢી નાખી અલગ-અલગ જગ્યાએ ગામની સીમમાં નાખી ફરાર થઈ ગયા હતા

ભિલોડા પોલીસે મૃતકની પુત્રી નિરાલીબેન રાજેન્દ્રભાઈ અસારી ની ફરિયાદના આધારે આશીર્વાદ દાનિયલ પારધી (રહે,કુડોલ-સુંદરપુર) અને ચંદ્રેશ ભુરજી કોપસા (રહે, જુશાવાડા, વિજયનગર, મૂળ રહે,ડબાચા, રાજસ્થાન) વિરુદ્ધ હત્યાનો ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

ભિલોડા પીએસઆઈ કે.કે રાજપૂતને બંને હત્યારાઓ કુડોલ (સુંદરપુર) ગામ નજીક આવેલા ડુંગર પર છુપાયા હોવાની બાતમી મળતા સમગ્ર જંગલ વિસ્તારને કોર્ડન કરી બંને હત્યારાઓને દબોચી લઈ હત્યામાં વપરાયેલ સાધનોની રિકવરી કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા

દાહોદમાં કોરોના વાયરસના વધુ ૫ કેસ

દાહોદ, તા. ૦૪

મધ્યપ્રદેશના નીમચથી તા. ૨૯ એપ્રીલના રોજ દાહોદ પરત આવનારા પરીવારના વધુ ૫ સભ્યોને કોરોના રીપોર્ટ પોઝેટીવ આવ્યો છે. નીમચથી આવનાર આ પરીવારમાંથી કુલ ૧૧ પૈકી અત્યાર સુધીમાં ૭ સભ્યોને કોરોના લાગુ પડી ગયો છે. આ તમામ કોરોનાગ્રસ્ત દર્દીઓને અહીંની સિવિલ હોસ્પીટલના આઈસોલેશન વોર્ડમાં સારવાર માટે ખસેડી દેવામાં આવ્યા છે. જયારે બાકીના ૪ સભ્યો હાલે ગર્વમેન્ટ ક્વોરોન્ટાઈનમાં છે. જે પૈકી એક સભ્યનો રીપોર્ટ આવવાનો બાકી છે.

આજે પોઝેટીવ આવનારા સભ્યોમાં ૩૦ અને ૩૭ વર્ષની બે મહિલાઓ, ૧૨ વર્ષની એક કિશોરી, તથા ૮ અને ૧૦ વર્ષના બે બાળકોનો સમાવેશ થાય છે. આમ દાહોદ જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૧ કેસ કોરોના વાયરસના નોંધાયા છે. જે પૈકી હાલે ૮ કેસ એક્ટીવ છે. જયારે, ત્રણ દર્દીઓ સાજા થઇ ગયા છે.

અભેસિંહ રાવલ દાહોદ

અમદાવાદ થી અરવલ્લીમાં લોકો હજુ પણ ખિસ્સામાં લઈ આવી રહ્યા છે કોરોના

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જિલ્લામાં લોકડાઉન-૨ માં કોરોના વિસ્ફોટ થતા ૧૯ લોકો કોરોનાની ઝપેટમાં આવ્યા હતા જીલ્લામાં કોરોનાના ૧૯ પોઝેટીવ કેસ નોંધાયા છે જેમાં એક વ્યક્તિનું મોત નીપજયું હતું ૧૧ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે ૭ દર્દીઓ હજુપણ કોવીડ-૧૯ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે કોરોનાગ્રસ્ત મોટા ભાગના દર્દીઓ અમદાવાદ થી લોકડાઉન-૨ માં જિલ્લામાં પહોંચ્યા હોવાની અને ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવે છે જિલ્લામાં લોકડાઉન -૨ નું પુનરાવર્તન ન થાય તે માટે જિલ્લા પોલીસતંત્ર સરહદો પર ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હોવા છતાં હજુ પણ અનેક લોકો અંતરિયાળ માર્ગોનો ઉપયોગ કરી કોરોનાગ્રસ્ત હોટસ્પોટ વિસ્તારમાંથી કોરોના ખિસ્સામાં લઈ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પ્રવેશી રહ્યા છે અમદાવાદના સત્યાગ્રહ છાવણી ખાતે રહેતા પતિ-પત્ની ભિલોડાના કરણપુર ગામે પહોંચી જતા ભિલોડા પોલીસે પતિ-પત્ની સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી છે આરોગ્ય તંત્રએ પતિ-પત્નીને હોમકોરન્ટાઈન કર્યા હતા

અમદાવાદના વિવિધ વિસ્તારોમાં કોરોનાના કેસ કૂદકે-ભૂસકે વધી રહેતા લોકોમાં ફફડાટ ફેલાયો છે ભિલોડાના કરણપુર ગામના અને સત્યાગ્રહ છાવણી ખાતે રહેતા લાલાભાઈ બકાભાઈ કોટવાળ અને તેની પત્ની સંગીતાબેન લાલાભાઈ કોટવાળ ગત રાત્રીએ વતનમાં આવી પહોંચ્યા હોવાની જાણ ભિલોડા પોલીસને થતા પીએસઆઈ કે.કે.રાજપૂત અને તેમની ટિમ તાબડતોડ કરણપુર ગામે પહોંચી પતિ-પત્ની વિરુદ્ધ જિલ્લા કલેક્ટરના જાહેરાનમાં ભંગ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

કોરોના સંક્રમણને અટકાવવા અમલમાં આવેલા લોકડાઉનના ધજાગરા ઉડ્યા હોય તેમ આંતરરાજય અને જિલ્લા સરહદો સીલ હોવાના દાવાઓ પોકળ સાબિત થતા મોટી સંખ્યામાં લોકો કોરોનાગ્રસ્ત વિસ્તારમાંથી ઘુસી આવતા કોરોના વિસ્ફોટ થયો હતો અને લોકડાઉન-૨ માં બે જ દિવસમાં ૧૧ કોરોના કેસ પોઝેટીવ સાથે ૧૯ લોકો કોરોનામાં સપડાતા જિલ્લાને રેડ ઝોનમાં મુકવામાં આવ્યો છે લોકડાઉન-૩ માં અરવલ્લી જિલ્લામાં આંતરરાજય સરહદો ચુસ્ત પણે સીલ નહિ કરવામાં આવે તો આગામી સમયમાં કોરોના હોટસ્પોટ વિસ્તારમાંથી અનેક લોકો પ્રવેશ કરવા ટપીને બેઠા છે તે ગમે તે ઘડીએ જિલ્લામાં પ્રવેશ કરી શકે છે ગ્રામ્ય વિસ્તારના લોકોએ પણ જાગૃત થવાની જરૂર છે નહીતો કોરોના હોટસ્પોટ અને અન્ય જીલ્લામાંથી લોકો પ્રવેશ કરશે તો આગામી સમયમાં અરવલ્લીને વુહાન બનતું કોઈ નહિ અટકાવી શકે ....!! વહીવટી તંત્ર, પોલીસતંત્ર, આરોગ્ય તંત્ર અને જીલ્લાના લોકોએ સંકલન કરી કોરોનાને મ્હાત આપવી પડશે

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.